
For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 16 | 16 December 2023, Saturday | Page 12


Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



**Gadgets ગુરૂ** કાઈનેટિકે 94,990 માં 'E-સ્કૂટર ઝુલુ' લોન્ચ કર્યું 4

ચૂંટણી પહેલાં ભાજપનું ઓપરેશન શરૂ, વિસાવદરના MLA ભાયાણીના AAPને... 7



રણદીપ હુડા-લીન લેશરામે ગ્રાન્ડ રિસેપ્શન પાર્ટીનું મુંબઈમાં આયોજન કર્યું... 10

# અમેરિકાથી ગુજરાત ડાયરેક્ટ ફ્લાઈટની માગ કરતાં NRI

## 16 વર્ષથી ગુજરાતથી USની કોઇ સીધી ફ્લાઈટ નથી

## દર વર્ષે 2 લાખથી વધારે ગુજરાતીઓ અમેરિકાથી ગુજરાતનો કરે છે પ્રવાસ

### 2007માં શરૂ થયેલી સેવા 2012માં કરી હતી બંધ

સામાન્ય રીતે ડિસેમ્બર માસ એટલે એનઆરઆઇનો પોતાના વતનમાં આવવા માટેનો મહિનો. અને આખા વર્ષ દરમિયાન આ સમયગાળા દરમિયાન એનઆરઆઇ વધારે પોતાના વતન આવતા હોય છે. ત્યારે બીજી તરફ એરલાયન્સ કંપનીઓ પણ વારંવાર દિલ્હીથી મુંબઇ થી અને બેંગલુરૂથી સીધી ફ્લાઇટ શરૂ કરતી હોય છે. પરંતુ ગુજરાતથી ક્યારેય કોઇ સીધી ફ્લાઇટ કોઇ એરલાઈન્સ કંપની શરૂ નથી કરતી. એક અહેવાલ પ્રમાણે વર્ષ ૨૦૦૭માં અમદાવાદથી સીધી ફ્લાઇટ હતી જે વર્ષ ૨૦૧૨માં બંધ કરી દેવામાં આવી છે.. ત્યારે એનઆરઆઈમાં સૌથી વધારે અમેરિકાથી લોકો પોતાના વતન જતા હોય છે. અને તેમાંય અમેરિકામાં અંદાજે ૫૦ લાખથી વધારે ભારતીયો વસે છે જેમાંથી ૧૭ લાખ જેટલા ગુજરાતીઓ છે. અને આમ પણ અમેરિકા થી પોતાના વતન જનારા લોકોમાં ગુજરાતીઓ સૌથી મોખરે છે. તેમ છતા પણ એક ફ્લાઇટ સીધી અમદાવાદ જતી નથી. અમેરિકાથી અમદાવાદ જનાર ની સંખ્યા દર વર્ષે ૨ લાખ કરતા પણ વધારે છે. તેમ છતા પણ ક્યારેય એરલાયન્સ કંપનીઓ અમદાવાદની સીધી ફ્લાઇટ શરૂ નથી કરતી. અમેરિકાથી દિલ્હી કે મંબઇ કે બીજા કોઇ રાજ્યમાં સીધી ફ્લાઇટ હોય છે. અને ત્યાંથી અમદાવાદ જવા માટે પ્રવાસીઓને ૧૦ થી ૧૨ કલાક જેટલો સમય સુધી એરપોર્ટ પર ગાળવો પડે છે. એટલુ જ નહીં સિક્યોરીટી ચેકીંગ સહીતની પ્રોસિજર કરવાની હોવાથી ગુજરાતીઓ પરેશાન થઇ જાય છે. વૃદ્ધ લોકોને આ તમામ કાર્યવાહીમાં વધારે કનડગત થતી હોય છે. તેના માટે અમેરિકામાં વસતા ગુજરાતીઓ દ્વારા વારંવાર ભારત સરકારના એવિએશન વિભાગને અમદાવાદની સીધી ફ્લાઇટ કરવા અંગે રજૂઆત કરવામાં આવી છે. પરંતુ કોઇ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

## ગુજરાતીઓ રાહ જોઈ રહ્યા છે ફ્લાઈટની, ક્યારે અમેરિકાથી સીધી ગુજરાતની ફ્લાઈટ શરૂ થશે?

**શિકાગોથી સ્પેશિયલ રિપોર્ટ : ગુજરાતમાં હાલ નોન રેસિડેન્ટ ઈન્ડિયન (NRI) ની આવવાની શરૂઆત થઈ ગઈ છે. ડિસેમ્બર માસ આવતા જ એનઆરઆઈ પોતાના વતન ભણી પ્રયાણ કરતા હોય છે. સામાન્ય રીતે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આ સમય ગાળા દરમિયાન આવનાર મુસાફરની સંખ્યામાં ૨૫ ટકા જેટલો વધારો જોવા મળતો હોય છે. અને તેમાં ખાસ કરીને અમેરિકાથી આવતા લોકોની સંખ્યા ખૂબ જ વધારે હોય છે. તેમ છતાં પણ અમેરિકાથી સીધી અમદાવાદની કોઈ ફ્લાઈટ ન હોવાથી એનઆરઆઈ પરેશાન છે. છેલ્લા કેટલાક વર્ષોથી અમેરિકાથી સીધી અમદાવાદની ફ્લાઈટની માંગ કરવામાં આવી રહી છે તેમ છતાં પણ એરલાઈન્સ કંપનીઓ અમદાવાદની સીધી કોઈ ફ્લાઈટની શરૂઆત કરતી નથી. તેની પાછળનું કારણ જાણી શકાતું નથી.**



**વારંવાર રજૂઆત કરવા છતાં કોઇ નિર્ણય નથી આવતો** અમેરિકાથી દર વર્ષે આટલી મોટી સંખ્યામાં ગુજરાતીઓ પ્રવાસ કરતા હોવા છતાં પણ ક્યારેય કોઈ પણ એરલાયન્સ કપંની દ્વારા સીધી અમદાવાદની ફ્લાઈટ શરૂ કરી નથી. સીધી ફ્લાઈટ ન હોવાથી પ્રવાસીઓને અન્ય જગ્યાએ ૧૦-૧૦ કલાક જેટલો સમય રાહ જોવામાં એરપોર્ટ પર વિતાવવો પડે છે. એટલુ જ નહીં વૃધ્ધ લોકોને વારંવાર સીક્યુરીટી ચેકંગી કરવવાની ભાંજગડ પણ અઘરી પડે છે. કારણ કે અન્ય જગ્યાએ હોલ્ડ દરમિયાન સીક્યુરીટી ચંકીંગ કરાવવાનું તદઉપરાંત અમદાવાદ ઉતરીને ફરિથી સીક્યુરીટી ચેકીંગ કરવું પડે છે.

### વર્ષે ૨ લાખ ગુજરાતીઓ પ્રવાસ કરે છે, પરંતુ ફ્લાઈટ ન હોવાથી અનેક મુશ્કેલીઓ

અમેરિકામાં અંદાજે ૫૦ લાખ જેટલા ભારતીયો વસે છે. તેમાંથી ૧૭ લાખ જેટલા ગુજરાતીઓ છે. ગુજરાતીઓને આમ પણ પોતાના વતન જવુ આવવું વધારે પસંદ હોય છે. એક અહેવાલ અનુસાર અમેરિકાથી ભારત પ્રવાસ કરતા કુલ ભારતીયો પૈકી ૬૦ ટકા ગુજરાતીઓ દર વર્ષે પ્રવાસ કરતા હોય છે. એટલે કે દર વર્ષે ૨ લાખથી વધારે ગુજરાતીઓ અમેરિકાથી અમદાવાદનો પ્રવાસ કરે છે. આટલા પ્રવાસીઓ દર વર્ષે પ્રવાસ કરતા હોવા છતાં પણ એક પણ એરલાઈન્સ દ્વારા અમેરિકાથી સીધી અમદાવાદની ફ્લાઇટ ક્યારેય શરૂ કરી નથી. મીડલ ઈસ્ટ દેશોની એરલાઈન્સ પોતાના વતન એટલે કે દુબઈ, કતાર કે દોહા હોલ્ડ કરે છે. જ્યારે મૂળ ભારતની એર ઈન્ડીયા એરલાઈન્સ પણ દિલ્હી કે મુંબઈ સીધી ફ્લાઈટ ઓપરેટ કરે છે. પરંતુ આટલા બધા ગુજરાતી પ્રવાસીઓ હોવા છતાં પણ આ કંપનીઓએ ક્યારેય અમદાવાદ સીધી ફ્લાઈટ શરૂ નથી કરી.

*અમેરિકાથી દર વર્ષે ૨ લાખથી વધારે ગુજરાતીઓ પોતાના વતન પ્રવાસ કરતા હોય છે. તેમ છતાંય*



*અમેરિકાથી અમદાવાદ ની એકેય ફ્લાઈટ શરૂ કરવામાં કેમ નથી આવતી તે સમજાતુ નથી. વારંવાર આ અંગે રજુઆત કરવામાં આવી છે. અને વૃધ્ધ અને પ્રેગનેન્ટ અથવા નાનું બાળક સાથે પ્રવાસ કરતી એકલી સ્ત્રીને ખૂબ જ મુશ્કેલી પડતી હોય છે તેથી અમદાવાદથી શિકાગો, એટલાન્ટ અને ન્યુજર્સીની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવે તે જરૂરી છે.* » **ડો. વાસુદેવ પટેલ, પ્રમુખ, ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન**

*દર વર્ષે સૌથી વધારે લોકો અમેરિકાથી ગુજરાત પ્રવાસ કરતા હોય છે. તેમ છતાં પણ અમેરિકાથી અમદાવાદ*



*સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવતી નથી. અમેરિકા આવતા સાસંદોને આ અંગે વારંવાર રજુઆત કરવામાં આવી છે. સાંસદો પોતાની રીતે નોટ્સ બનાવીને પણ જાય છે. અમેરિકાથી દિલ્હી કે મુંબઈ ની સાથે અમદાવાદ પણ સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવે તે જરૂરી છે. એટલે હવે મુંબઈ કે દિલ્હી જ માત્ર એરપોર્ટ નથી કે જે અન્ય રાજ્યમાં જઈ શકવા ફ્લાઈટ ધરાવતા હોય.* » **દેવેન્દ્રભાઈ પટેલ, સ્થાનિક**

*અમેરિકાથી અમદાવાદ જવા માટેની સીધી ફ્લાઈટ હોવી જરૂરી છે. ઉંમર લાયક હોવાથી વારંવાર*



*સિક્યોરીટી ચેકીંગ કરાવવા માટે લાંબી લાઈનમાં ઉભુ રહેવુ અઘરૂ પડે છે. અમે દર વર્ષે ગુજરાતમાં જતા-આવતા હોઈયે છીયે.. એટલે જો અમદાવાદથી અમેરિકા સીધી ફ્લાઈટ હોય તો વધારે સરળતા રહે. મોટાભાગની ઉંમરવાળા વ્યક્તિઓને હોલ્ડ દરમિયાન બીજા એરપોર્ટ પર કલાકો સુધી બેસી રહેવુ મુશ્કેલ ભર્યુ છે.* » **કિરીટભાઈ ઠક્કર, સ્થાનિક**

*દર વર્ષે અમેરિકાથી ગુજરાત જનાર લોકોની સંખ્યા વધારે હોય છે. અને તેમાં ઉંમર લાયક લોકોની કાયમથી*



*માંગ છે. તેઓને અમદાવાદ સીધી ફ્લાઈટ ઉતારે તો શારૂ.. અગાઉ ૧૦ વર્ષ પહેલા અમેરિકા થી અમદાવાદની સીધી ફ્લાઈટ ચાલતી હતી. એરલાઈન્સ કંપનીઓએ આ પ્રકારની ફ્લાઈટને બંધ કરી દિધી છે. અમદાવાદની સીધી ફ્લાઈટ ન હોવાને કારણે ભારતની એરલાયન્સ કંપનીને ઘણું નુકસાન ભોગવવું પડે છે. ગલ્ફના દેશોની એરલાઈન્સ પર પસંદગી કરવામાં આવે છે.* » **અનિલભાઈ પટેલ, ટ્રાવેલ કન્સલ્ટન્ટ**

# અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડેન ગણતંત્ર દિવસ પર ભારત નહીં આવે, રાજદૂત એરિક ગારસેટ્ટીએ માહિતી આપી

### જાન્યુઆરીમાં યોજાનારી ક્વાડ મીટિંગ પણ મોકૂફ રહે તેવી શક્યતા....

### અન્ય દેશો ભારતના શિડ્યૂલ સાથે અસહમત હોવાથી અનેક મુશ્કેલી...

### PM મોદીએ 2024માં ભારતમાં ક્વાડની બેઠક કરવાની જાહેરાત કરી હતી...

■ ન્યૂયોર્ક

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન પ્રજાસત્તાક દિવસ 2024 માટે ભારત નહીં આવે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રણ આપ્યું હતું. આ માહિતી ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગારસેટ્ટીએ આપી હતી. આ સિવાય ભારતમાં જાન્યુઆરીમાં યોજાનારી ક્વાડ સમિટને પણ મોકૂફ રાખી છે. આ બેઠક 26 જાન્યુઆરીની આસપાસ થવાની હતી. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, અન્ય દેશો ક્વાડ મીટિંગ માટે ભારતે બનાવેલા શિડ્યૂલ સાથે સહમત નથી. છેલ્લી વખત અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ 2015માં ગણતંત્ર દિવસની ઉજવણીમાં હાજરી આપી હતી. તેમની 3 દિવસની મુલાકાત દરમિયાન ઓબામાએ PM મોદી સાથે મન કી બાત કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો.

આ વખતે અમેરિકાએ ભારતના ગણતંત્ર દિવસના આમંત્રણ પર હજુ સુધી કંઈ કહ્યું નથી. તો, ક્વાડ સભ્ય દેશ ઓસ્ટ્રેલિયાનો રાષ્ટ્રીય દિવસ પણ 26 જાન્યુઆરીએ છે. આ કારણે એન્થોની અલ્બેનીઝ તે સમયે ક્વાડ મીટિંગમાં ભાગ લઈ શકશે નહીં. તેથી હવે જાપાનના વડાપ્રધાન ફુમિયા કિશિદાના પણ ભારત આવવાની બહુ આશા નથી.



### ક્વાડ મીટિંગ પણ 2023 સુધી મુલતવી રાખી છે

2023ની ક્વાડ મીટિંગ જાપાનના હિરોશિમા શહેરમાં યોજાઈ હતી. અગાઉ આ સમિટ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં યોજાવાની હતી. જો કે, તે સમયે અમેરિકામાં દેવાની કટોકટીના કારણે, બાઈડેનની વિનંતી પર તેને મોકૂફ રાખવામાં આવ્યું હતું. આ પછી તે G7 દેશોની બેઠક સાથે નક્કી કરવામાં આવી હતી. હિરોશિમામાં પીએમ મોદીએ જાહેરાત કરી હતી કે 2024ની બેઠક ભારતમાં યોજાશે. આ માટે તમામ સભ્ય દેશોના વડાઓએ ભારત આવવાનું હતું. ક્વાડનું પ્રમુખપદ દર વર્ષે તમામ સભ્ય દેશોમાં ફરે છે. તેનું પ્રમુખપદ 2023માં જાપાન પાસે રહેશે.

**ભારત માટે ક્વાડ શા માટે મહત્વપૂર્ણ છે?** એવું માનવામાં આવે છે કે ક્વાડ વ્યૂહાત્મક રીતે ચીનના આર્થિક અને લશ્કરી ઉદયનો સામનો કરશે. તેથી આ જોડાણ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. નિષ્ણાતોનું માનવું છે કે ચીનનો ભારત સાથે લાંબા સમયથી સરહદી વિવાદ ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં, જો સરહદ પર તેની આક્રમકતા વધે છે.



# વિવેક રામાસ્વામીને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ

### ધમકી આપનાર શખ્સને FBIએ પકડ્યો

■ ન્યૂયોર્ક

ભારતીય મૂળના અમેરિકન બિઝનેસમેન અને આગામી વર્ષે 2024માં અમેરિકામાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર વિવેક રામાસ્વામીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો કે સોમવારે આયોજિત ચૂંટણી કાર્યક્રમ દરમિયાન ન્યૂ હેમ્પશાયરના એક વ્યક્તિએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપતો મેસેજ મોકલ્યો હતો. આ મામલે 30 વર્ષીય ટાયલર એન્ડરસનની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીના વકીલે આ મામલે કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. એફબીઆઈ એજન્ટે કોર્ટને જણાવ્યું હતું કે ચૂંટણી પ્રચારના કર્મચારીઓને બે ધમકીભર્યા સંદેશા મળ્યા હતા. એકમાં રામાસ્વામીને માથામાં ગોળી મારી દેવાની ધમકી આપવામાં આવી હતી.

**FBIએ કરી કાર્યવાહી:** સેલફોન નંબર આરોપી વ્યક્તિ (ટાયલર એન્ડરસન)નો છે. એફબીઆઈ એજન્ટોએ શનિવારે તે વ્યક્તિના ઘરની તપાસ કરી હતી. કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે આરોપીએ એફબીઆઈને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તેણે અન્ય ઘણા ઓપરેશનમાં પણ આવા જ મેસેજ મોકલ્યા હતા.

# રિપબ્લિકન પાર્ટીમાં રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનવાની રેસ, ડોનાલ્ડ ટ્રમ્પ સૌથી હોટ ફેવરિટ

### 61 ટકા વોટ સાથે ડોનાલ્ડ ટ્રમ્પ સૌથી આગળ

■ વોશિંગ્ટન

અમેરિકામાં આગામી દિવસોમાં યોજાનારી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયેલો છે. રિપબ્લિકન પાર્ટી વતી રાષ્ટ્રપતિ પદની ઉમેદવારી કરવા માંગતા ઉમેદવારોમાં ડોનાલ્ડ ટ્રમ્પ 61 ટકા સમર્થન સાથે મોખરે છે. હવે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર તરીકે ટ્રમ્પ જ ચૂંટણી લડશે તે નિશ્ચિત મનાઈ રહ્યુ છે. લેટેસ્ટ સર્વેમાં ટ્રમ્પને પાર્ટીના 61 ટકા મતદારોનુ સમર્થન મળ્યુ છે અને તેમના હરિફ ઉમેદવારો ભારતીય મૂળના વિવેક રામાસ્વામી અને નિક્કી હેલી તેમના કરતા ઘણા પાછળ રહી ગયા છે. બીજી તરફ ટ્રમ્પે ન્યૂયોર્કમાં છેતરપિંડીના એક કેસમાં જૂબાની આપવાનો પ્લાન રદ કરી નાંખ્યો છે. રિપબ્લિકન પાર્ટીના લેટેસ્ટ સર્વે પ્રમાણે 61 ટકા રિપબ્લિકન મતદારો ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે જોવા માંગે છે. જ્યારે ફ્લોરિડાના ગર્વનર રોન ડેસેન્ટિસ તથા દક્ષિણ કેરોલિનાના પૂર્વ ગર્વનર નિક્કી હેલીને 11-11 ટકા મતદારો પસંદ કરી રહ્યા છે. વિવેક રામાસ્વામીને પાંચ ટકા સમર્થન મળ્યુ છે. જ્યારે ન્યૂ જર્સીના પૂર્વ ગર્વનર ક્રિસ ક્રિસ્ટીને બે ટકા વોટ મળ્યા છે.મહત્વનું છે કે અમેરિકામાં 2024માં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. તે પહેલાં ડેમોક્રેટ અને રિપબ્લિકન પાર્ટીમાં ઉમેદવારને લઈને રસાકસી શરૂ થઈ ગઈ છે.



### 5 ડિસેમ્બરથી 11 ડિસેમ્બર વચ્ચે થયો સર્વે

2024માં થનારી રાષ્ટ્રપતિ પદની ચૂંટણી પહેલા સ્પષ્ટ થઈ ગયુ છે કે, રિપબ્લિકન પાર્ટીના સભ્યોને ટ્રમ્પ પર લાગેલા આરોપોના કારણે કોઈ ફરક પડ્યો નથી. પાર્ટીના 25 ટકા કરતા પણ ઓછા મતદારો માને છે કે, સંસદ પર સમર્થકોને હુમલો કરવા માટે ઉશ્કેર્યા હતા અથવા ચૂંટણીમાં ટ્રમ્પે કોઈ છેતરપિંડી કરી હતી. આ ઓનલાઈન સર્વે પાંચ ડિસેમ્બરથી 11 ડિસેમ્બર વચ્ચે યોજવામાં આવ્યો હતો.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

## મુકેશ અંબાણીની કંપનીએ પાંચ વર્ષમાં 9.63 લાખ કરોડ ઉમેર્યા

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સતત પાંચમી વખત સૌથી મોટી વેલ્થ ક્રિએટર બની

### રોકાણકારોને 123% વળતર આપ્યું, રિલાયન્સનું યોગદાન 13.7 ટકા છે.

■ નવી દિલ્હી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) પાંચ વર્ષના સમયગાળા (2018-2023)માં સતત પાંચમી વખત તેના રોકાણકારો માટે સૌથી મોટી સંપત્તિ સર્જક(વેલ્થ ક્રિએટર્સ) કંપની તરીકે ઉભરી આવી છે. મુંબઈ સ્થિત બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલે 14 ડિસેમ્બરના રોજ જાહેર કરાયેલ તેના 28મા વાર્ષિક વેલ્થ ક્રિએશન સ્ટડી રિપોર્ટમાં આ માહિતી આપી છે. મોતીલાલ ઓસવાલે જણાવ્યું હતું કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે 2018 થી 2023 (31 માર્ચ, 2023 સુધી) ગાળામાં રૂ. 9.63 લાખ કરોડ ઉમેર્યા છે. આ રિપોર્ટ અનુસાર યાદીમાં ટોચની 100 કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલી કુલ સંપત્તિમાં રિલાયન્સનું યોગદાન 13.7% છે.




### સૌથી વધુ સંપત્તિ સર્જનના મામલે TCS બીજા સ્થાને

રિલાયન્સ ઉપરાંત, સૌથી વધુ સંપત્તિ સર્જનના સંદર્ભમાં ટોચની 5 કંપનીઓમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS), ICICI બેન્ક, ઈન્ફોસિસ અને ભારતી એરટેલનો સમાવેશ થાય છે. આ કંપનીઓએ તેમના રોકાણકારોને સૌથી વધુ નફો પણ આપ્યો છે. આ પછી, સંપત્તિ સર્જન કંપનીઓની યાદીમાં આગામી પાંચ કંપનીઓ હિન્દુસ્તાન યુનિલિવર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI), બજાજ ફાઈનાન્સ, અદાણી એન્ટરપ્રાઈઝ અને HCL ટેક્નોલોજીસ છે. અહીં સંપત્તિ સર્જનનો અર્થ છે છેલ્લા પાંચ વર્ષમાં કંપનીઓના માર્કેટ કેપમાં વધારો.

### રિલાયન્સ સ્ટોકે છેલ્લા 5 વર્ષમાં તેના રોકાણકારોને 123% વળતર આપ્યું

રિપોર્ટ અનુસાર, છેલ્લા 17 વર્ષમાં વાર્ષિક જાહેર થનારી સૌથી મોટી સંપત્તિ સર્જક કંપનીઓની યાદીમાં રિલાયન્સ ગ્રુપે 10 વખત નંબર-1નું સ્થાન હાંસલ કર્યું છે. જોકે, 2023માં અત્યાર સુધીમાં RILના શેરમાં 4.5%નો ઘટાડો થયો છે અને ગયા વર્ષે લગભગ 6% જેટલો ઘટાડો થયો હતો. છેલ્લા 5 વર્ષમાં, શેરે તેના રોકાણકારોને 123% વળતર આપ્યું છે. આ દાયકો રિલાયન્સ માટે પરિવર્તનનો દાયકો રહ્યો છે. 2014માં, તે ઊર્જા ક્ષેત્રે એક વિશાળ હતું. આજે તે દેશની સૌથી મોટી રિટેલ ચેઈન છે, જે સબસ્ક્રાઈબર બેઝ દ્વારા સૌથી મોટી ટેલિકોમ ઓપરેટર છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિત અનેક ક્ષેત્રોમાં મોટા રોકાણો ધરાવે છે. ઓક્ટોબરમાં જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રિલાયન્સનો નફો ત્રિમાસિક ધોરણે લગભગ 9% વધીને રૂ. 17,394 કરોડ થયો છે. તે જ સમયે આવક 12% થી વધુ વધીને રૂ. 255,996 કરોડ થઈ છે.

**અદાણી એન્ટરપ્રાઈઝ પાસે સૌથી વધુ સાતત્યપૂર્ણ** સૌથી વધુ સુસંગત વેલ્થ ક્રિએટર્સ કંપનીઓની યાદી વિશે વાત કરીએ તો, અદાણી એન્ટરપ્રાઈઝ 78% ની કિંમત CAGR સાથે નંબર-1 પર છે. કેપ્રી ગ્લોબલ અને વરુણ બેવરેજિસ 50% ની કિંમત CAGR સાથે બીજા અને ત્રીજા સ્થાને છે.

## NEWS FILE

### EPFOમાં મહિલા કર્મચારીની સંખ્યા વધી 28.69 લાખ થઈ




નવી દિલ્હીઃ ઈપીએફઓમાં નાણાકીય વર્ષ 2023 દરમિયાન મહિલા સબસ્ક્રાઈબર્સની સંખ્યામાં વધારો થયો છે. નાણાકીય વર્ષ 2023 દરમિયાન EPFOમાં મહિલા સબસ્ક્રાઈબર્સની સંખ્યા વધીને 28,69,688 થઈ ચૂકી છે જે વર્ષ 2019-20 દરમિયાન 15,93,614 નોંધાઈ હતી.એમ્પ્લોઈ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO)ના સબસ્ક્રિપ્શનમાં ઉમેરો રોજગારી સર્જનમાં વૃદ્ધિ, જોબ માર્કેટના ઔપચારિકીકરણ અને સંગઠિત તેમજ અસંગઠિત ક્ષેત્રના કામદાર વર્ગ માટે સામાજિક સુરક્ષા માટેના વ્યાપક કવરેજનું સૂચક છે તેવું રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી રામેશ્વર તેલીએ જણાવ્યું હતું.

### સ્ટીલની આયાત 12 લાખ ટનની ઐતિહાસિક ઉંચાઈ પર

અમદાવાદ : ભારતમાં બાંધકામ ક્ષેત્ર સહિત દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ ખાનગી અને જાહેર રોકાણ વધતા દેશની સ્ટીલ માંગ ઐતિહાસિક ઉંચી સપાટીએ પહોંચી છે. કેલેન્ડર વર્ષ ૨૦૦૬થી ઉપલબ્ધ ડેટા અનુસાર ભારતની નવેમ્બરની સ્ટીલની આયાત ૧૨ લાખ ટનની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી હતી. ઈલારા સિક્યોરિટીઝના અહેવાલ અનુસાર ૨૦૨૩ના કેલેન્ડર વર્ષમાં વાયટૂડી વોલ્યુમ ૭ મિલિયન ટનની છ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી ગયું છે. નવેમ્બરમાં સતત ત્રીજા મહિને ભારત નેટ સ્ટીલ આયાતકાર રહ્યું છે.

### એસ્સારના ગુજરાત સરકાર સાથે 3 MOU પર હસ્તાક્ષર



xગાંધીનગરઃ એસ્સારે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024 પહેલા કુલ 55,000 કરોડ રૂપિયાના રોકાણ માટે ગુજરાત સરકાર સાથે ત્રણ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) પર હસ્તાક્ષર કર્યા. એસ્સાર રાજ્યમાં એનર્જી ટ્રાન્ઝિશન, પાવર અને પોર્ટ સેક્ટરના ક્ષેત્રમાં વ્યૂહાત્મક રોકાણ કરવાના નવા તબક્કામાં છે. આ પહેલથી 10,000થી વધુ નોકરીની તકો ઊભી થશે. છેલ્લા ચાર દાયકામાં એસ્સારે ગુજરાતમાં એનર્જી, મેટલ્સ અને માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં રૂ. 1 લાખ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. એસ્સારની ગ્રોથ સ્ટોરીમાં ગુજરાતે નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

## iPhone 16 લોન્ચ પહેલા ચીનને ઝટકો, ભારતને ફાયદો

■ નવી દિલ્હી

Apple દરેક મોરચે ભારતને ચીનના વિકલ્પ તરીકે સ્થાન આપી રહ્યું છે. ચીન અને અમેરિકા વચ્ચેનો વિવાદ એટલો વકર્યો છે કે Appleને ચીનથી હવે મોહભંગ થઈ ગયો છે. આ કારણે હવે Apple દરેક બાબતમાં ભારતને ચીન કરતા વધુ મહત્વ આપી રહ્યું છે. જેથી ભારતમાં વધી રહેલા મેન્યુફેક્ચરિંગને ધ્યાનમાં રાખીને, Appleએ તેના સપ્લાયર્સને ભારતમાં iPhone બેટરી બનાવવા માટે કહ્યું છે. જેના પગલે ભારતને ઘણો ફાયદો થઈ શકે છે. Appleએ તેના તમામ સપ્લાયર્સને iPhone 16 સ્માર્ટફોનમાં મેડ ઈન ઈન્ડિયા iPhone બેટરીનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. Appleના નિર્ણયથી ચીનને ઝટકો લાગી શકે છે. જેને તાજેતરના ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા વિવાદ સાથે જોડવામાં આવી રહ્યું છે. પરંતુ આ વિવાદના પગલે ભારતને ઘણો ફાયદો થવાની આશા છે.


## ભારતનું ઈ-કોમર્સ માર્કેટ $160 બિલિયન

### ચીન અને અમેરિકા પાછળ રહી જશે

■ મુંબઈ

ભારતનું ઈ-કોમર્સ બજાર જે ઝડપી વૃદ્ધિ સાથે હાંસલ કરી રહ્યું છે તે જોતા વર્ષ 2028 સુધીમાં તે $160 બિલિયનને વટાવી જવાની ધારણા છે. દેશમાં ઓનલાઈન શોપિંગ માર્કેટ 2023માં અંદાજિત $57-60 બિલિયનથી વધીને આગામી 5 વર્ષમાં $160 બિલિયન થવાની ધારણા છે. એક રિપોર્ટ અનુસાર જાણવા મળે છે કે ભારતમાં ઓનલાઈન શોપિંગમાં જબરદસ્ત વધારો થયો છે, જે આ આંકડો હાંસલ કરવાનું સરળ બનાવશે. બેઈન એન્ડ કંપનીના ઓનલાઈન રિટેલ 2023 રિપોર્ટ અનુસાર 2020 થી ભારતનું ઓનલાઈન રિટેલ માર્કેટ દર વર્ષે $8-12 બિલિયનનું સતત વધ્યું છે. જે ઈ-કોમર્સ માર્કેટમાં ગ્રાહકોના ખર્ચની પેટર્ન પર નજર રાખે છે. બેઈન એન્ડ કંપનીએ ફ્લિપકાર્ટ સાથેના સંયુક્ત અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતીય ઓનલાઈન શોપિંગ માર્કેટ એક વર્ષ અગાઉની સરખામણીમાં 2023માં 17-20 ટકા વધવાની ધારણા છે, જોકે 2019-2022માં તે 25-30 ટકા વધશે. તેની સરખામણીમાં આ ધીમી ગતિ છે.

## ફેડરલ રિઝર્વે ત્રીજી વખત વ્યાજ દરો સ્થિર રાખ્યા



■ વોશિંગ્ટન

ફેડરલ રિઝર્વે તેના નીતિગત નિર્ણયમાં સતત ત્રીજી વખત વ્યાજ દરો સ્થિર રાખ્યા છે. બુધવારે, Fedએ બજારની અપેક્ષાઓ અનુસાર, 5.25%-5.5%ની રેન્જમાં પોલિસી રેટ યથાવત રાખ્યો હતો. ફેડે એ પણ સંકેત આપ્યો છે કે 2024માં ત્રણ દરમાં ઘટાડો થશે અને તે ઘટીને 4.6% પર આવશે. ફુગાવાને પહોંચી વળવા માટે ફેડે માર્ચ 2022થી દરો વધારવાની શરૂઆત કરી હતી. આ વર્ષે જુલાઈ સુધીમાં, આ દરો વધીને 22 વર્ષમાં સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયા હતા. છેલ્લા કેટલાક મહિનાઓથી કિંમતોમાં વધારો અટકી ગયો છે, જેના કારણે અધિકારીઓને લાગે છે કે હવે વ્યાજ દર વધારવાની જરૂર નથી.


# ફોક્સકોન કંપની ભારતમાં 8000 કરોડ રૂપિયાનું રોકાણ કરશે

### ગ્રુપે રોકાણને મંજૂરી , એપલ પ્રોડક્ટ્સ બનાવે છે

■ નવી દિલ્હી

તાઈવાનની ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ કંપની ફોક્સકોન ટેક્નોલોજી ગ્રુપે ભારતમાં એપલ ઈન્ડિયા પ્લાન્ટમાં $1 બિલિયન (લગભગ 8 હજાર કરોડ)ના રોકાણને મંજૂરી આપી છે. કંપની આ નાણાંનો ઉપયોગ એપલ ઉત્પાદનોના ઉત્પાદનમાં કરશે. બ્લૂમબર્ગે તેના એક અહેવાલમાં આને ફોક્સકોન દ્વારા ચીનની બહાર મેન્યુફેક્ચરિંગ હબ સ્થાપિત કરવાના પ્રયાસમાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે. તાજેતરમાં કંપનીએ ભારતમાં 1.6 બિલિયન ડોલર એટલે કે લગભગ 13 હજાર કરોડથી વધુના રોકાણની જાહેરાત કરી હતી. આ રોકાણ સાથે ફોક્સકોનનું કુલ રોકાણ વધીને 22 હજાર કરોડ થઈ ગયું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફોક્સકોનના તમિલનાડુ પ્લાન્ટમાં હાલમાં 40,000 લોકો કામ કરે છે. તે જ સમયે, ગયા વર્ષે રોઈટર્સે અહેવાલ આપ્યો હતો કે ફોક્સકોન આગામી બે વર્ષમાં 53,000 લોકોને નોકરી પર રાખવાની યોજના બનાવી રહી છે.

### ફોક્સકોન વૈશ્વિક સ્તરે 70% iPhone બનાવે છે




ફોક્સકોન વૈશ્વિક સ્તરે લગભગ 70% iPhone બનાવે છે. ગયા વર્ષથી, ફોક્સકોને ભારતમાં તેની હાજરી ઘણી હદ સુધી વિસ્તારી છે. કંપનીએ ઓગસ્ટમાં કર્ણાટકમાં $600 મિલિયનનું રોકાણ કરવાની યોજના જાહેર કરી હતી. કંપની ભારતમાં આઈફોન અને ચિપ્સના ઉત્પાદન તરફ પગલાં લઈ રહી છે. કંપનીના પ્રતિનિધિ વેઈ લીએ પીએમ મોદીને તેમના 73માં જન્મદિવસની શુભેચ્છા પાઠવતા કહ્યું હતું કે 'ફોક્સકોને ભારતમાં તેના કર્મચારીઓ અને રોકાણને બમણું કરવાની યોજના બનાવી છે. તેમણે LinkedIn પર લખ્યું, 'તમારા નેતૃત્વમાં, ફોક્સકોન ભારતમાં ઝડપથી વિકસ્યું છે. ભારતમાં રોજગાર, એફડીઆઈ અને બિઝનેસનું કદ બમણું કરવાનો લક્ષ્યાંક રાખીને અમે આવતા વર્ષે તમને જન્મદિવસની મોટી ભેટ આપવા માટે વધુ સખત મહેનત કરીશું.

## તંત્રીસ્થાનેથી...

# સાહુ પરિવારની 300 કરોડની કેશ, કોંગ્રેસ-નવીન શંકાના ઘેરામાં



**કોંગ્રેસના** ઝારખંડના સાંસદ ધીરજ પ્રસાદ સાહુ સાથે સંકળાયેલી કંપનીઓ પર ઈન્કમટેક્સ વિભાગની રેડમાં મળેલી રોકડ રકમની આખા દેશમાં ચર્ચા છે. ઈન્કમટેક્સ વિભાગે ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ધીરજ સાહુનાં ઠેકાણાં પર દરોડા પાડયા ત્યારે તેમને કલ્પના પણ નહી હોય કે તેમને કદી ના જોયો હોય એવો મોટો દલ્લો હાથ લાગવાનો છે. બલ્કે કુબેરનો ખજાનો જ મળી જવાનો છે. ઈન્કમટેક્સ વિભાગને અધધધ કહી શકાય એટલી ૩૦૦ કરોડ રૂપિયાની રોકડ રકમ મળી છે ને પિક્ચર હજુ પૂરું થયું નથી. હજુ રેડ ચાલુ છે ને દરેક નવા ઠેકાણે રેડ પડે એટલે નવી લીડ મળે છે એ જોતાં સાહુને ત્યાંથી મળેલી રોકડનો આંકડો ૪૦૦ કરોડ પર પણ પહોંચી શકે ને હજાર કરોડ પણ થઈ શકે. ઈન્કમટેક્સ વિભાગે શનિવારે કહ્યું છે કે, રોકડ એટલી બધી છે કે ગણતરી કરવામાં હજુ બે દિવસ લાગશે. હજુ દસેક ઠેકાણે રેડ પણ ચાલી રહી છે એ જોતાં પકડાયેલી કેશ અનેક ગણી વધી જશે તેમાં શંકા નથી.

સાહુ પરિવારની કંપનીઓમાં કબાટોમાં ધરબાયેલી રોકડને લઈ જવા પહેલાં ૧૧૭ બેગ લાવવી પડી પણ બેગ ઓછી પડતાં છેવટે અનાજ ભરવાના કોથળામાં રોકડ ભરવી પડી. આ રોકડ લઈ જવા માટે ટ્રક લાવવી પડી. ટ્રકમાં ભરીને રોકજ બેન્કમાં લઈ જવાઈ ને પછી તેની ગણતરી શરૂ કરાઈ તેણે ગણનારાંને પણ હંફાવી દીધા.

કેશ ગણવાનાં ચાર મશીન તો તૂટી ગયાં ને નવાં મશીન મંગાવવાં પડયાં. છેલ્લા બે દિવસથી ગણતરી ચાલી રહી છે. જે રૂપિયા ઝડપાયા છે તેમાંથી ૨૦૦ કરોડ રૂપિયાની ગણતરી થઈ ગઈ છે અને હજુ તો અડધા રૂપિયા ગણાવાના બાકી છે એ જોતાં રોકડનો આંકડો ૪૦૦ કરોડ રૂપિયાને પાર થઈ જશે તેમાં તો જરાય શંકા નથી. ઈન્કમટેક્સ વિભાગના ટાર્ગેટ પર મૂળ તો સાહુ ગ્રુપની બૌધ્ધ ડિસ્ટલરીઝ હતી. બૌધ્ધ ડિસ્ટિલરીઝના રાંચી, લોહરદગા અને ઓડિશાના ઠેકાણાં પર રેડ પડી તેનું કારણ કરચોરી હતી. ધીરજ સાહુના પુત્રોની કંપની બૌધ્ધ ડિસ્ટિલરીઝ એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ બનાવે છે. કોઈ પણ પ્રકારનો દારૂ બનાવવા માટે એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ મુખ્ય રો મટીરિયલ છે.


બૌધ્ધ ડિસ્ટિલરીઝ બારોબાર એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ વેચીને કરચોરી કરતી હોવાની બાતમીના આધારે પાડેલી રેડમાં ખબર પડી કે, કંપનીએ મોટા પ્રમાણમાં નાણાં પરિવારની બળદેવ સાહૂ એન્ડ ગુરપ ઑફ કંપનીઝમા ટ્રાન્સફ કર્યા છે. તેના આધારે બીજે પણ દરોડા પડયા તેમાં ઈન્કમટેક્સ વિભાગને અબજો રૂપિયાની રોકડ મળી ગઈ.ધીરજ સાહુ કોંગ્રેસના સાંસદ હોવાથી તેમને ત્યાંથી કરોડો રૂપિયાનો દલ્લો મળે એ મુદ્દો રાજકીય બને જ. આ મુદ્દે પણ રાજકીય આક્ષેપબાજી ચાલુ થઈ ગઈ છે અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરતાં સાહુ રાતોરાત દેશભરમાં જાણીતા થઈ ગયા છે. ભાજપે તો સાહુને ઉઠાવીને જેલમાં નાંખવાની માગણી પણ કરી છે.

અલબત્ત જે રોકડ મળી છે એ બૌધ્ધ ડિસ્ટિલરીઝમાંથી મળી છે. આ કંપનીના ચેરમેન તરીકે ધીરજ સાહુના પુત્ર ઉદય શંકર અને મેનેજિંગ ડિરેક્ટર રીતેશ સાહુ છે. આ કારણે ઈન્કમટેક્સ વિભાગ સીધો ધીરજ સાહુ પર હમણાં સીધો હાથ ના નાંખે પણ તેના કારણે ધીરજ સાહુ દૂધે ધોયેલા સાબિત થતા નથી. આ રોકડ તેમના પરિવારની છે એ જોતાં સાહુ શંકાના દાયરામાં છે જ.

સાહુ પરિવાર પાસે આટલી મોટી રકમ ક્યાંથી આવી એ મહત્વનો સવાલ છે. આ નાણાં સાહુ પરિવારનાં છે કે કોંગ્રેસનાં છે એ સવાલ પણ ઉઠે છે. સાહુ પરિવારને કોંગ્રેસના ટોચના નેતાઓ સાથે ગાઢ સંબંધો છે. આ સંજોગોમાં સાહુ પરિવાર કોંગ્રેસના નેતાઓની કાળી કમાણીનાં નાણાં સાચવતા હોય એ શક્યતા પણ નકારી ના શકાય.

સાહુ કોંગ્રેસ સાથે સંકળાયેલા છે ને આટલી મોટી રકમ મળવા છતાં કોંગ્રેસની નેતાગીરી ચૂપ છે. કોંગ્રેસ ધીરજ સાહુ સામે કોઈ કાર્યવાહી કરશે એવી તો શક્યતા જ નથી પણ કમ સે કમ કોંગ્રેસના નેતા ટીકા તો કરી જ શકે પણ કોંગ્રેસના નેતા મોંમાં મગ ઓરીને બેસી ગયા છે એ જોતાં કોંગ્રેસ પણ શંકાના દાયરામાં છે.

ઓડિશામાં ભાજપે એવો આક્ષેપ કર્યો છે કે, સાહુ બ્રધર્સ વાસ્તવમાં તો સત્તાધારી નવિન પટનાઈકની બીજેડીનાં કાળાં નાણાં સાચવતા હતા. ભાજપના પ્રવક્તા મનોજ મોહપાત્રાએ સાહુ પાસેથી ૫૦૦ કરોડ રૂપિયા પકડાયા હોવાનો દાવો કરીને સીબીઆઈ તપાસની માગ કરી છે. ઓડિશામાં ૨૦૨૪માં લોકસભાની ચૂંટણીની સાથે જ વિધાનસભાની પણ ચૂંટણી છે.



# દિવંગત પ્રણવદા રાષ્ટ્રપતિ તરીકે નિવૃત થયા PM ન બન્યાનો અફસોસ પાછો છતો થયો

## વિચાર મંથન



ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનાં પુત્રી શર્મિષ્ઠા મુખરજીએ લખેલી 'પ્રણવદા, માય ફાધર, અ ડોટર રીમેમ્બર્સ' બુક લોંચ થવામાં છે. રવિવારે લોંચ થનારી આ બુક પહેલાં તેને ખપાવવા માટે ઉત્સુકતા જગાવવા તેના કેટલાક અંશો મીડિયામાં ફરતા કરાયા છે. શર્મિષ્ઠા પોતે માર્કેટિંગના ભાગરૂપે ઈન્ટરવ્યૂ આપી રહ્યાં છે તેમાં પણ તેમણે કેટલીક સ્ફોટક વાતો કરી છે તેના કારણે પુસ્તક અત્યારથી રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગયું છે. વિશેષ તો પ્રણવદાના રાહુલ ગાંધી વિશેના વિચારો અને પોતાની વડાપ્રધાન બનવાની તક વિશે પ્રણવદાએ દીકરીને જે કંઈ કહેલું તેની ચર્ચા વિશેષ છે.

શર્મિષ્ઠાના દાવા પ્રમાણે ૨૦૦૪માં સોનિયા ગાંધીએ વડાપ્રધાન નહીં બનવાનો નિર્ણય કર્યો ત્યારે પ્રણવદા પ્રબળ દાવેદાર હતા પણ પ્રણવદાએ દીકરીને કહેલું કે, સોનિયા તેમને વડાપ્રધાન નહીં બનાવે. શર્મિષ્ઠાના કહેવા પ્રમાણે, પ્રણવદા રાહુલ ગાંધીને અપરપિક્વ માનતા હતા અને રાહુલમાં વડાપ્રધાન બનવાની લાયકાત જ નથી એવું માનતા હતા. પ્રણવદા માનતા કે, રાહુલમાં નહેરૂ-ગાંધી ખાનદાનના હોવાનુ ધમંડ છે.

એક વાર રાહુલ ગાંધી સાંજે સાત વાગ્યે મળવાનું હતું તેના બદલે સવારે સાત વાગ્યે આવી ગયા એ અંગે પ્રણવદાએ વ્યંગ કરેલો કે, જેમની ઓફિસને એએમ (સવારે) અને પીએમ (સાંજે) વચ્ચેનો તફાવત ખબર નથી એ કેવી રીતે પ્રાઈમ મિનિસ્ટર્સ ઓફિસ (પીએમઓ) ચલાવવાના? શર્મિષ્ઠાએ નરેન્દ્ર મોદી પ્રણવદાને બહુ માન આપતા ને જ્યારે મળતા ત્યારે તેમના પગે પડતા એવો ઉલ્લેખ પણ કર્યો છે.

શર્મિષ્ઠાના પુસ્તકની બીજી પણ ઘણી વાતો બહાર આવી છે. તેના કારણે કોંગ્રેસીઓ ભડકી ગયા છે. શર્મિષ્ઠા રાજકીય મહત્વાકાંક્ષા સંતોષવા ભાજપને ઈશારે રાહુલ ગાંધીને બદનામ કરી રહ્યાં હોવાની ટીપ્પણી કોંગ્રેસીઓ કરી રહ્યા છે. સામે ભાજપના નેતા પ્રણવદાની વાતોને ટેકો આપી રહ્યા છે તેના કારણે રાજકીય જંગ જામ્યો છે.

આ રાજકીય જંગ ચાલતો રહેશે પણ આ પુસ્તકના કારણે પ્રણવદા પોતે વડાપ્રધાન ના બની શક્યા તેનો અફસોસ લઈને તેમજ સોનિયા ગાંધી માટે મનમાં કડવાશ લઈને કાયમ માટે વિદાય થયા એ વાત ફરી સાબિત થઈ છે. પ્રણવદા ૨૦૨૦ના ઓગસ્ટમાં ગુજરી ગયા પછી ૨૦૨૧ના જાન્યુઆરીમાં તેમની આત્મકથા 'ધ પ્રેસિડેન્શિયલ યર્સ' પ્રસિધ્ધ થયેલી. પ્રણવદાએ તેમાં પણ લખ્યું હતું કે, ૨૦૦૪માં પોતે વડાપ્રધાન બન્યા હોત તો કોંગ્રેસ ૨૦૧૪માં હારી જ ના હોત એવું ઘણા કોંગ્રેસી નેતાઓનું માનવું છે. પ્રણવદાનો દાવો હતો કે, હું ૨૦૧૨માં રાષ્ટ્રપતિ બન્યો પછી કોંગ્રેસમાં કોઈ ધ્યાન રાખનારું જ નહોતું. સોનિયા ગાંધીની તબિયત લથડવા માંડી હતી તેથી તેમનામાં સ્થિતીને કાબૂમાં લેવાની ક્ષમતા નહોતી. ડો. મનમોહનસિંહ સંસદમાં આવતા નહોતા તેથી સાંસદો કે કોંગ્રેસના નેતાઓ સાથે સંપર્ક નહોતો. તેમને સરકારમાં શું ચાલી રહ્યું છે, લોકો શું માની રહ્યા છે તેની ખબર જ નહોતી. આ કારણે ૨૦૧૪માં કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં હારી અને આ કારમી હાર માટે સોનિયા અને મનમોહનસિંહ જવાબદાર હતાં.

શર્મિષ્ઠાએ આ જ વાત અલગ રીતે મૂકી છે ને આ વાતનું તાત્પર્ય એ છે કે, સોનિયાના કારણે પ્પ્રણવદા વડાપ્રધાન બનતાં રહી ગયા, બાકી એ સૌથી વધારે લાયક હતા. આ વાત હાસ્યાસ્પદ છે કેમ કે પ્રણબ મુખરજી ૨૦૦૪મા વડાપ્રધાનપદની રેસમાં જ નહોતા. એ વખતે કોંગ્રેસમાં પ્પ્રણવદા ટોપ ફાઈવમાં પણ નહોતા. એટલે જ સોનિયાએ મનમોહનસિંહની વડાપ્રધાનપદે પસંદગી કરી ત્યારે શિવરાજ પાટિલને ગૃહ મંત્રી બનાવેલા ને નાણાં મંત્રાલય મનમોહન પાસે હતું. પ્રણવદા પહેલી ટર્મમાં પહેલાં સંરક્ષણ મંત્રી ને પછી વિદેશ મંત્રી બનેલા.

પ્રણવદાની મહત્વાકાંક્ષા વડાપ્રધાન બનવાની હતી પણ પ્રણવદા કદી માસ લીડર નહોતા. એ માત્ર એક વાર લોકસભાની ચૂંટણી જીત્યા, બાકી રાજ્યસભામાં જ રહ્યા. તેમને જે કંઈ મળ્યું એ નહેરૂ-ગાંધી ખાનદાનની મહેરબાનીથી જ મળ્યું. પહેલાં સંજય, પછી ઈન્દિરા ગાંધી ને પાછલાં વરસોમાં સોનિયા ગાંધીની ચાપલૂસી કરીને એ રાષ્ટ્રપતિપદ સુધી પહોંચેલા. આ લોકોની મહેરબાનીથી એ આખી જીંદગી રાજ્યસભાના સભ્ય રહ્યા, મંત્રીપદ ભોગવ્યાં ને છેવટે ૨૦૧૨માં રાષ્ટ્રપતિ બન્યા.

કોંગ્રેસ ૨૦૦૪માં સત્તામાં આવી તેનું શ્રેય સોનિયા ગાંધીને જતું હતું. સોનિયાએ દેશભરમાં યાત્રાઓ કરીને ૨૦૦૪માં કોંગ્રેસને ફરી સત્તા અપાવી ત્યારે ડો. મનમોહનસિંહ તેમની અત્યંત નજીક હતા. સોનિયા ગાંધી ૧૪ માર્ચ, ૧૯૯૮ના રોજ કોંગ્રેસ પ્રમુખ બન્યાં તેના અઠવાડિયા પછી ૨૧ માર્ચ, ૧૯૯૮ના રોજ તેમણે ડો. મનમોહનસિંહને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા નિમ્યા હતા. તેના પરથી જ મનમોહનસિંહ તેમની પહેલી પસંદગી હતા એ સ્પષ્ટ હતું. સોનિયા ૧૯૯૭માં કોંગ્રેસ પ્રમુખપદે બેઠાં ત્યારે અહમદ પટેલ, અરૂણ સિંહ, ઓસ્કાર ફર્નાન્ડિઝ અને ગુલામ નબી આઝાદ વગેરે તેમની નજીક હતા ને તેમના પર સોનિયા ભરોસો કરતાં હતાં. પ્રણબ મુખરજી પર ભરોસો નહોતાં કરતાં એ જોતાં તેમને વડાપ્રધાન બનાવે એ વાતમાં માલ નહોતો.

નરેન્દ્ર મોદી પ્રણવદાના પગે પડતા એ નરેન્દ્ર મોદીનું સૌજન્ય કહેવાય, તેને વડાપ્રધાન બનવાની લાયકાત ના ગણી શકાય. વાસ્તવમાં પ્રણવદા ભારતના રાજકારણમાં સૌથી ઓવરરેટેડ લીડર છે. ઈન્દિરા કે મોદીની જેમ એ અત્યંત લોકપ્રિયતા ધરાવતા નેતા પણ નહોતા કે ડો. મનમોહનસિંહની જેમ કોઈ ક્ષેત્રના નિષ્ણાત પણ નહોતા. રાજકારણમાં કોનો કઈ રીતે ઉપયોગ કરવો તેમાં એ કુશળ હતા. ભારતના ઈતિહાસમાં ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી એક કલંકિત પ્રકરણ છે. કટોકટી વખતે સંજય ગાંધીએ કોઈ પણ હોદ્દા પર નહીં હોવા છતાં બેફામ બનીને સરમુખત્યારની જેમ વહીવટ ચલાવેલો. એ વખતે સંજય અને ઈન્દિરાનાં પાપના મુખ્ય ભાગીદારોમાં પ્રણબ મુખરજી પણ હતા.

### બ્રાહ્મણો સંખ્યામાં ઓછા હોવા છતાં અસરકારક

# વિષ્ણુ, મોહન અને ભજન... ભાજપની મિશન 2024ની તૈયારી

**ભાજપે** દેશના ત્રણ રાજ્યમાં નવા ચહેરાને તક આપીને મિશન- 2024 માટે તૈયારી કરી છે. ભાજપે મહત્વના રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં સરકાર બનાવી છે. જેને લોકસભાની ચૂંટણી પહેલા ભાજપની મોટી જીત તરીકે જોવામાં આવી રહી છે. આ ત્રણેય રાજ્યોમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની પસંદગીમાં પણ ભાજપે જ્ઞાતિ સમીકરણ ઉકેલવાનો પ્રયાસ કર્યો છે. ભાજપે રાજસ્થાનમાં સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. ભજનલાલ શર્માને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. એ જ રીતે મોહન યાદવને મધ્યપ્રદેશમાં સીએમ બનાવવામાં આવ્યા છે. તેમની પાસે બ્રાહ્મણ રાજેન્દ્ર શુક્લા અને દલિત જગદીશ દેવરા સહિત બે ડેપ્યુટી સીએમ છે. જ્યારે છત્તીસગઢમાં વિષ્ણુ દેવ સાંઈને સીએમ બનાવીને આદિવાસી ચહેરા પર દાવ ખેલવામાં આવ્યો છે. જ્યારે વિજય શર્મા અને અરુણ સાઓને ડેપ્યુટી બનાવવામાં આવ્યા છે.

વાસ્તવમાં ત્રણેય રાજ્યોમાં ભાજપે જે નવા ચહેરાને તક આપીને સીએમ બનાવ્યા છે. તે જ સમયે, જૂના અને મોટા ચહેરાઓને VRS એટલે કે સ્વૈચ્છિક નિવૃત્તિ આપવામાં આવી છે. આ વખતે VRS એટલે રાજસ્થાનમાં વસુંધરા, છત્તીસગઢમાં રમણ સિંહ અને મધ્યપ્રદેશમાં શિવરાજ, જેમને તક આપ્યા વિના પાર્ટીએ નવા ચહેરા પર દાવ લગાવ્યો છે. જ્ઞાતિ સમીકરણને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવી છે. મોટા ચહેરાઓને બદલે શાંતિથી કામ કરનારા લોકોને પસંદ કરવામાં આવ્યા. સંઘની નજીક હોવાનો એક ફાયદો પણ થયો છે.



અનંત
સંદીપ હીરપરા

રાજસ્થાનમાં ભજનલાલ શર્માને સીએમ બનાવીને મોદીએ 2024ના સમીકરણને સરળ બનાવી દીધું છે. કારણ, દેશમાં રાજસ્થાનમાં સૌથી વધુ બ્રાહ્મણો છે. એવું માનવામાં આવે છે કે તેથી જ પીએમ મોદીએ સમગ્ર દેશને સંદેશ આપ્યો છે. અત્યાર સુધી રાજસ્થાનમાં 15 મુખ્યમંત્રી બની ચૂક્યા છે, જેમાંથી સૌથી વધુ એટલે કે 6 વખત મુખ્યમંત્રીની કમાન બ્રાહ્મણ નેતાને સોંપવામાં આવી છે. દેશમાં 5 ટકા બ્રાહ્મણો છે. તે જ સમયે, રાજસ્થાનમાં લગભગ 8 ટકા બ્રાહ્મણોની વસ્તી છે. મધ્યપ્રદેશમાં, ભાજપે સંગઠન સાથે સંકળાયેલા તળિયાના નેતા એટલે કે મોહન યાદવને પસંદ કર્યા. મોહન યાદવે ABVP સાથે વિદ્યાર્થી રાજકારણથી પોતાની રાજકીય સફર શરૂ કરી અને 2013માં પહેલીવાર ધારાસભ્ય બન્યા. 2018માં બીજી વખત અને 2023માં ત્રીજી વખત ધારાસભ્ય બન્યા. મોહન શર્માને ચાર દાયકાનો રાજકીય અનુભવ છે. મોહન સિંહનો પાર્ટીની અંદર સારો પ્રભાવ છે. માનવામાં આવે છે કે મોહન યાદવને સીએમ બનાવીને ભાજપે યુપી-બિહારના યાદવોને સંદેશ આપ્યો છે કે જો યાદવ ભાજપ સાથે આવશે તો તક મળશે.



## Gadgets ગુરૂ

### કાઈનેટિકે 94,990 માં 'E-સ્કૂટર ઝુલુ' લોન્ચ કર્યું

Kinetic Green એ તેનું નવું ઈલેક્ટ્રિક સ્કૂટર સોમવાર એટલે કે 11 ડિસેમ્બરે લોન્ચ કર્યું છે. કાઈનેટિક ઝુલુ એ કંપનીના લાઇનઅપમાં ચોથું મોડલ છે. તેને 94,990 રૂપિયાની એક્સ-શોરૂમ કિંમતે લોન્ચ કરવામાં આવી છે. આમાં FAME-2 સબસિડી પણ સામેલ છે. કાઈનેટિકનું આ સ્કૂટર Ola S1 સાથે સ્પર્ધા કરશે સ્કૂટરની ડિલિવરી જાન્યુઆરી 2024થી શરૂ થવાની ધારણા છે.

- 10 ઈંચના વ્હીલ્સ
- LCD યુનિટ
- LED DRL
- એપ્રોનની પાછળ સ્ટોરેજ સ્પેસ
- લંબાઈ 1,830 mm
- ઉંચાઈ 1,135 mm
- પહોળાઈ 715 mm
- 93 કિલોગ્રામ વજન

# આ ગામના દરેક ઘરમાં છે પ્રાઈવેટ પ્લેન, ઓફિસથી લઈને બહાર ફરવા કરે છે ઉપયોગ






કેમરૂનઃ તમારી પાસે પોતાનું વિમાન હોય, જ્યારે જ્યાં થાય ત્યાં જતું રહેવાય. ઓફિસથી લઈને ક્યાંક ટૂર પર જવાનું ટેન્શન નહીં, ટ્રાફિકની ચિંતા કર્યા વિના બસ ઉડતાં જ રહીએ. કેટલું સારું લાગે?. જો આવું હોત તો.... પરંતુ અમેરિકાના કેમરૂન પાર્ક નામની એક જગ્યા છે. જ્યાં તમને દરેક ઘરની આગળ કાર પાર્કિંગની જગ્યાએ પ્રાઈવેટ પ્લેન જોવા મળશે. પ્લેનને પાર્ક કરવા માટેના હેંગર પણ બનાવવામાં આવ્યા છે. પરંતુ આવું કેમ છે તે જાણવું પણ જરૂરી છે. હકીકતમાં અમેરિકાના રાજ્ય કેલિફોર્નિયાના કેમરૂન પાર્કમાં બધા રહેવાસી રિટાયર્ડ પાયલટ છે. અહીંયાના રસ્તાઓ પર ચાલતાં તમને અહેસાસ થશે કે આ કોઈ હવાઈ પટ્ટી છે. અહીંયાના રસ્તાઓ વિમાનોને ઉડવા અને લેન્ડિંગ માટે જ બનાવાયા છે. એવું કહેવાયે છે કે અહીંયાના લોકો ઓફિસ જવા માટે પણ પ્રાઈવેટ પ્લેનનો જ ઉપયોગ કરે છે. આ નાના ટાઉનશીપનો પણ પોતાનો ઈતિહાસ છે. કહેવામાં આવે છે કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાની પાસે તે સમયે પાયલટની સંખ્યા 4 લાખથી વધારે થઈ ગઈ હતી. અમેરિકાએ યુદ્ધ દરમિયાન પોતાના અનેક વિસ્તારમાં એર ફિલ્ડ પણ બનાવ્યા હતા. યુદ્ધ પૂરું થયા પછી તેનો ઉપયોગ રહ્યો ન હતો. આથી સરકારે તે હવાઈ પટ્ટીવાળા વિસ્તારમાં રિટાયર્ડ સેનાનીઓને વસાવવાનો નિર્ણય કર્યો. સમયાંતરે તે ટેક ઓફ અને લેન્ડિંગ કરતાં પણ જોવા મળશે.

# 8 મહિનામાં 3 એરક્રાફ્ટના અકસ્માતથી પરેશાન US

## દક્ષિણ કોરિયામાં F-16 ફાઈટર જેટ વિમાન ક્રેશ

■ ન્યૂયોર્કઃ 11 ડિસેમ્બરે અમેરિકન વાયુસેના દ્વારા દક્ષિણ કોરિયા પાસે તેના F-16 ફાઈટર જેટના ક્રેશ બાબતે જાણ કરવામાં આવી હતી. જેમાં ક્રેશ પહેલા પાયલટ બહાર નીકળી ગયો હતો. જેમાં પાયલટે જણાવ્યું કે ફાઈટર જેટમાં ઈન-ફ્લાઈટ ઈમરજન્સી લાઈટ ચાલુ હતી. અમેરિકી સેનાના 8મા ફાઈટ વિંગ કમાન્ડર કર્નલ મેથ્યુ ગેટકેએ કહ્યું કે, અમે દક્ષિણ કોરિયાઈ મેરીટાઈમ આર્મીના આભારી છીએ કે તેમણે અમારા પાઈલટને દરિયામાંથી બચાવ્યા. તેની સંભાળ લીધી. હવે તે સારી સ્થિતિમાં છે. પીળા સમુદ્ર પર ચાલી રહેલા તાલીમ મિશન દરમિયાન આ અકસ્માત થયો હતો.



અમેરિકન V-22 ઓસ્પ્રે ટિલ્ટ રોટર હેલિકોપ્ટર પણ ક્રેશ થયું હતું

આ પહેલા મે મહિનામાં પણ F-16 ફાઈટર જેટ દક્ષિણ કોરિયાની રાજધાની સિયોલના એક ખેતરમાં પડી ગયું હતું. તે પણ તાલીમ મિશન પર હતું. ત્યારે પણ પાયલોટ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો. આ પછી, ગયા મહિને એક અમેરિકન V-22 ઓસ્પ્રે ટિલ્ટ રોટર હેલિકોપ્ટર જાપાન નજીક ક્રેશ થયું હતું.

# રશિયાએ યુદ્ધ પહેલાંની 90 ટકા સેના ગુમાવી દીધી

## અમેરિકાના ગુપ્તચર અહેવાલમાં મોટો દાવો

■ વોશિંગ્ટનઃ રશિયાએ ફેબ્રુઆરી 2022માં યુક્રેન પર હુમલો કર્યો હતો. લગભગ 22 મહિના થઈ ગયા છે, પરંતુ યુદ્ધ સમાપ્ત થઈ રહ્યું નથી. સ્વાભાવિક છે કે આટલા લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધમાં બંને પક્ષે ઘણી જાનહાનિ થઈ છે. તાજેતરમાં અમેરિકન ગુપ્તચર એજન્સીએ કોંગ્રેસ (સંસદ) સાથે તેનું મૂલ્યાંકન શેર કર્યું. આ યુક્રેન સામેના યુદ્ધમાં રશિયાની સૈન્ય ક્ષમતાઓ પર તેની ગંભીર અસરને દર્શાવે છે.

315,000 રશિયન સૈન્ય કર્મચારીઓ માર્યા ગયા અથવા ઘાયલ થયા



વોલ સ્ટ્રીટ જર્નલ અહેવાલ દર્શાવે છે કે લગભગ 90 ટકા યુદ્ધ પૂર્વેની રશિયાની સેના મૃત્યુ અથવા ઘાયલ થઈ ગઈ હતી, હજારો યુદ્ધ ટેન્કનો નાશ થયો હતો. કોંગ્રેશનલ સ્ત્રોતમાંથી પ્રાપ્ત થયેલ મૂલ્યાંકન દર્શાવે છે કે મોસ્કોની 360,000-મજબુત સૈન્ય ફેબ્રુઆરી 2022 માં યુક્રેન પર આક્રમણ કરવા માટે શરૂ કરવામાં આવી હતી, પરંતુ તે સમયગાળામાં 315,000 રશિયન લશ્કરી કર્મચારીઓ માર્યા ગયા હતા.

## NEWS FILE

### અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બાયોપિકનું શૂટિંગ શરૂ



### સેબેસ્ટિઅન ટ્રમ્પ, મારિયા ઈવાનાના રોલમાં, અમેરિકી રિયલ એસ્ટેટના માંધાતા કેવી રીતે બન્યા તેની સ્ટોરી

■ વોશિંગ્ટન

વોશિંગ્ટનઃ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની બાયોપિકનું શૂટિંગ શરુ થયું છે. સેબેસ્ટિઅન સ્ટેનને ટ્રમ્પના યુવાની કાળની ભૂમિકા સોંપવામાં આવી છે. ઈરાનના ઓસ્કર નામાંકિત ફિલ્મ નિર્માતા અલી અબ્બાસી આ ફિલ્મ બનાવી રહ્યા છે. તેમાં ટ્રમ્પ અમેરિકી રિયલ એસ્ટેટના માંધાતા કેવી રીતે બન્યા તેની કથા દર્શાવાશે. ટ્રમ્પની પહેલી પત્ની ઈવાનાની ભૂમિકા માટે મારિયા બકલાવાની પસંદગી કરવામાં આવી છે. ફિલ્મનું ટાઈટલ ‘ ધી એપ્રેન્ટિસ’ નક્કી કરાયું છે. ફિલ્મમાં મુખ્યત્વે ટ્રમ્પ કેવી રીતે એક એટર્ની રોય કોહન સાથેના પરિચય બાદ રિયલ એસ્ટેટમાં આગળ વધે છે તે વિશે દર્શાવવામાં આવશે. રોય કોહન ટ્રમ્પના માર્ગદર્શક બન્યા હતા. જોકે, બાદમાં રોય કોહનનું નામ અનેક વિવાદોમાં ખરડાયું હતું અને તેમની સામે પગલાં પણ લેવાયાં હતાં.

### USમાં ડ્રોપ બોક્સમાંથી ચોરી કરી બનાવાઈ રહ્યા છે નકલી ચેક



ન્યૂયોર્કઃ કેશલેસ ચૂકવણી માટે ચેકનો ઉપયોગ દાયકાઓથી થઈ રહ્યો છે. કોઈપણ રીતની લેવડ-દેવડ માટે ચેકને વિશ્વસનીય રીત માનવામાં આવે છે. ડિજિટલ રીતો આવવાથી ભલે ચેકનો ઉપયોગ ઓછો થયો છે, પરંતુ અમેરિકામાં છેલ્લા કેટલાક વર્ષોમાં ચેક ફ્રોડમાં ઝડપથી વધારો થયો છે. સ્કેમર્સ ડ્રોપ બોક્સ કે પોસ્ટ દ્વારા ચૂકવણી માટે મોકલાયેલા હસ્તાક્ષરિત ચેકની ચોરી કરી રહ્યા છે. ચેકને સ્કેન કર્યા બાદ હસ્તાક્ષર ઉપરાંત બાકીની તમામ જાણકારીનો નાશ કરીને એક ચેકથી કેટલાએ ફ્રોડ ચેક તૈયાર કરાય છે. આ ફ્રોડ ચેકને કેશ કરાવે છે, તો કેટલાક ટેલીગ્રામ જેવા સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મ પર તેને વેંચી રહ્યા છે. ખાસ વાત એ છે કે લોકો ન માત્ર ચોરી થયેલા ચેક ખરીદી શકે છે, પરંતુ એવા બેંક ખાતાં પણ ખરીદી શકાય છે, સાથે જ તે ખાતાંનો ઉપયોગ કરવા માટે તેની સાથે જોડાયેલા ફોન નંબર, કાર્ડ જેવી અન્ય વસ્તુઓને પણ ખરીદી શકાય છે.

# H-1B સહિત વિઝા ફીનો તોતિંગ વધારો હાલ પૂરતો સ્થગિત

## « હવે એપ્રિલ મહિનામાં લેવાશે ફાઈનલ નિર્ણય

## જાન્યુઆરી 2024થી જ વિઝા ફીમાં મોટા વધારાનો હતો નિર્ણય

■ ન્યૂયોર્ક

ભારતમાંથી દિવસેને દિવસે અમેરિકા જનારા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે US કોન્સ્યુલેટ પાસે વિઝાની અરજીઓનો ઢગલો થઈ રહ્યો છે ત્યારે અમેરિકા તેના વિઝાની ફીમાં તોતિંગ વધારો કરશે તેવા સમચાર વહેતા થયા હતા જેના પગલે ભારતીયોની ચિંતામાં વધારો કર્યો હતો. જો કે હવે સુત્રોમાંથી મળતી નવી માહિતી મુજબ અમેરિકાએ વિઝાની ફીનો વધારો હાલ પૂરતો સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે.

ભારતમાંથી હાયર એજ્યુકેશન તેમજ અન્ય બીજા કોઈ કારણોસર અમેરિકા જવું ખુબ જ મોંઘુ હોય છે ત્યારે જો યુએસ ફીમાં વધારો થાય તો લોકોને અમેરિકા જવું પોસાય નહીં. જો કે અત્યારે ભારતીયો માટે રાહતના સમાચાર એ છે કે અમેરિકા H-1B સહિત અનેક પ્રકારના વિઝાની ફી વધારવા વિચારી રહ્યા હતા પરંતુ તે એપ્રિલ મહિના સુધી સ્થગિત રાખવામાં આવ્યો છે. હવે કદાચ એપ્રિલ 2024માં ફાઈનલ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.



## ફી 70 ટકા વધીને 780 ડોલર સુધી થવાની શક્યતા હતી

જો અમેરિકાએ H-1B સહિતના વિઝાની ફીમાં વધારો કર્યો હોત તો અમેરિકન કંપનીઓ પર મોટો ખર્ચ આવે તેમ હતો કેમકે આ વિઝાની પ્રક્રિયા આ કંપનીઓએ કરવાની હોય છે. આ વિઝાની એપ્લિકેશન ફી 70 ટકા વધીને 780 ડોલર સુધી થવાની શક્યતા હતી. વિદેશી કર્મચારીને સ્પોન્સર કરનાર અમેરિકન કંપનીએ લોટરીમાં પસંદ થયેલા લોકો માટે H-1B વિઝાની વિગતવાર અરજી કરીને E-રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. માર્ચ મહિનામાં સામાન્ય રીતે H-1B કેપની લોટરી થતી હોય છે. E-રજિસ્ટ્રેશન માટેની ફી 10 ડોલરથી વધારીને 215 ડોલર કરવાની દરખાસ્ત હતી જેથી કરીને લોટરીના મિકેનિઝમનો દુરુપયોગ ન થાય. અમેરિકન ઓથોરિટી NPRM દ્વારા સિટિઝનશિપની ફી 19 ટકા વધારવાની દરખાસ્ત છે જે 640 ડોલરથી વધારીને 760 ડોલર કરવામાં આવશે. આ ઉપરાંત સૌથી વધુ ફીનો વધારો EB-5 ઈન્વેસ્ટરો માટે હતો જેઓ અમેરિકામાં રોકાણ કરીને ગ્રીન કાર્ડ મેળવતા હોય છે.

### ભારત, મલેશિયા, દક્ષિણ આફ્રિકા અને દુબઈના વિદ્યાર્થીઓ કરે છે અભ્યાસ

# ‘યુનિવર્સિટી ઓફ સિલિકોન આંધ્ર’ના અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓમાં લોકપ્રિય થઈ




વોશિંગ્ટનઃ ‘યુનિવર્સિટી ઓફ સિલિકોન આંધ્ર’, અમેરિકામાં વધુને વધુ લોકપ્રિય યુનિવર્સિટી બની રહી છે. આ યુનિવર્સિટીમાં ભારતીયો સહિત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને નવી યોજનાઓ તૈયાર કરવામાં વ્યસ્ત છે. આ અંતર્ગત યુનિવર્સિટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા એડવાન્સ કોર્સ શરૂ કરી રહી છે. એટલું જ નહીં, કેમ્પસનું વિસ્તરણ કરીને મેડિકલ કોલેજ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ‘યુનિવર્સિટી ઓફ સિલિકોન આંધ્ર’ના પ્રેસિડેન્ટ આનંદ કુચીબોટલાએ કહ્યું કે ઘણા લોકો એવું માનતા નથી કે એવી કોઈ યુનિવર્સિટી છે જે ભારતીય ભાષાઓમાં સ્નાતક કાર્યક્રમો આપી રહી છે. અમારી યુનિવર્સિટીમાં પહેલા માત્ર અમેરિકન વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા પરંતુ હવે ભારત, મલેશિયા, દક્ષિણ આફ્રિકા અને દુબઈના વિદ્યાર્થીઓ પણ અહીં અભ્યાસ કરે છે. અમારું ધ્યાન ભારતીયો પર છે. હાલમાં યુનિવર્સિટીમાં છ માસ્ટર ઓફ આર્ટસ, પાંચ ડિપ્લોમા અને પાંચ સર્ટિફિકેટ પ્રોગ્રામ ચાલી રહ્યા છે. યુનિવર્સિટીમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા 230 છે. પરંતુ જ્યારે આ યુનિવર્સિટી 2017માં શરૂ થઈ ત્યારે કુલ વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર 44 હતી.

## US હાઉસે રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ તપાસને મંજૂરી આપી દીધી



### જો બાઈડેને રાજકીય સ્ટંટ ગણાવ્યો, તેઓ મારા પર જૂઠ્ઠાણાથી હુમલો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે : બાઈડન

■ વોશિંગ્ટન

યુએસ હાઉસમાં ગઈકાલે રાષ્ટ્રપતિ જો બાઈડેન પર મતદાન થયું હતું. જેમાં બાઈડેન અને તેમના પુત્ર સામે આંતરરાષ્ટ્રીય વ્યવહારો અંગે મહાભિયોગની તપાસને ઔપચારિક બનાવવાના ઠરાવને મંજૂરી આપી હતી. બાઈડેનની પાર્ટી ડેમોક્રેટસે આ પગલાને સંપૂર્ણપણે રાજકીય ગણાવ્યું હતું. રિપબ્લિકન-નિયંત્રિત યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે ગઈકાલે રાષ્ટ્રપતિ જો બાઈડેન સામે મહાભિયોગની તપાસને ઔપચારિક ઠરાવને મંજૂરી આપી હતી. ગૃહમાં રાષ્ટ્રપતિ બાઈડેન વિરુદ્ધ મહાભિયોગ તપાસની તરફેણમાં 221 વોટ પડ્યા જ્યારે તેની વિરુદ્ધમાં 212 વોટ પડ્યા હતા. જો કે રાષ્ટ્રપતિ જો બાઈડેને તેમની વિરુદ્ધ મહાભિયોગની તપાસને ઔપચારિક બનાવવા માટે ગૃહના મતને ‘પાયા વિનાનો રાજકીય સ્ટંટ’ ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમેરિકનોના જીવનને સુધારવામાં મદદ કરવાને બદલે, તેઓ મારા પર જુઠ્ઠાણાથી હુમલો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# તમે હિંદુ બનીને અમેરિકાના રાષ્ટ્રપતિ કેવી રીતે બનશો?

### વિવેક રામાસ્વામીએ તેમના સવાલનો જવાબ આપ્યો


■ વોશિંગ્ટન

રિપબ્લિકન પાર્ટી તરફથી અમેરિકી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવા માટે ચૂંટણી લડી રહેલા વિવેક રામાસ્વામીએ કહ્યું



છે કે તેમનો ધર્મ આમાં કોઈ અડચણ નથી. બુધવારે સીએનએન ટાઉનહોલ કાર્યક્રમ દરમિયાન વિવેક રામાસ્વામીને તેમના હિંદુ ધર્મ વિશે પૂછવામાં આવ્યું હતું. ગની મિશેલે તેમને કહ્યું કે ઘણા લોકો કહે છે કે તમે અમારા રાષ્ટ્રપતિ ન બની શકો કારણ કે તમારો ધર્મ એ નથી કે જેના આધારે અમારા સ્થાપકોએ દેશ બનાવ્યો. તેનો અર્થ એ કે તમે ખ્રિસ્તી નથી, તે ધર્મ કે જેના લોકો અમેરિકામાં બહુમતીમાં છે. આ સવાલના જવાબમાં વિવેક રામાસ્વામીએ કહ્યું કે, હું હિંદુ છું અને હું મારી કોઈ નકલી ઓળખ નહીં બનાવીશ. હું મારી રાજકીય કારકિર્દીને આગળ વધારવા માટે ખોટું બોલવાનો નથી. મને લાગે છે કે આપણે બધા સમાન છીએ. વિવેક રામાસ્વામીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે હિન્દુ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ સમાન મૂલ્યો ધરાવે છે. વિવેક રામાસ્વામીએ કહ્યું કે તેઓ એ પણ સ્પષ્ટ કરવા માંગે છે કે તેઓ ખ્રિસ્તી ધર્મને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય પસંદગી નથી. જો તમે પૂછો કે શું હું આ દેશમાં ખ્રિસ્તી ધર્મ ફેલાવવા માટે શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ બનીશ, તો હું સ્પષ્ટ કરી દઉં કે હું આ માટે યોગ્ય પસંદગી નથી.

# આવી કટ્ટર સરકાર અમે જોઈ નથી, ગાઝાના તમામ વિસ્તારોમાં બોંબમારાથી ઈઝરાયલ સપોર્ટ ગુમાવશે



ન્યૂયોર્કઃ ઈઝરાયેલ અને હમાસ વચ્ચેની લડાઈ અને આંતરરાષ્ટ્રીય કુટનીતિના કોઇ નવા આયામ પર પહોંચી છે. ૭ ઓકટોબરે હમાસના આંતકીઓએ ઈઝરાયેલ પર ૫ હજાર રોકેટસ વડે હુમલો કરીને ૧૪૦૦ લોકોને મારી નાખ્યા હતા. ત્યાર પછી ઈઝરાયેલે જે વળતી કાર્યવાહી કરી છે જેમાં પેલેસ્ટાઈન અને ગાજામાં ૧૮૦૦૦થી વધુ લોકોના મુત્યુ થયા છેજેમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા સૌથી વધારે છે. સ્વભાવિક મિત્ર ગણાતા અમેરિકાએ ઈઝરાયેલને આત્મરક્ષાના અધિકાર અને કાર્યવાહી કરવા બાબતે સમર્થન આપ્યું હતું પરંતુ હવે ઈઝરાયેલ હમાસની લડાઈ બાબતે અમેરિકાનું વલણ બદલાઈ રહયું છે. અમેરિકાએ ઈઝરાયેલને ગાજા પર હુમલા રોકવાની અને પેલેસ્ટાઈનને લઈને ટૂ સ્ટેટ ફોર્મ્યુલા સ્વીકારી લેવાની સલાહ આપી છે.

# યુએસ પ્રમુખપદની ચૂંટણી « ભારતીય મૂળની આ મહિલા બાઈડેનને માથાકૂટની હરીફાઈમાં હરાવી શકે છે, જોકે ટ્રમ્પ સૌથી મોટા વિલન બની શકે છે

### અમેરિકામાં 2024માં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી

■ વોશિંગ્ટન

આગામી વર્ષે અમેરિકામાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકીય વર્તુળોમાં ગણગણાટ તેજ બન્યો છે. આ વખતે ભારતીય મૂળના ઘણા ચહેરા રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાં સામેલ છે. જેમાં ભારતીય મૂળની નિક્કી હેલીને રિપબ્લિકન પાર્ટી તરફથી પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. આવી સ્થિતિમાં વોલ સ્ટ્રીટ જર્નલના તાજેતરના સર્વેમાં સામે આવ્યું છે કે જો આજે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાય તો નિક્કી હેલી ડેમોક્રેટ નેતા બાઈડેનને બહુ મોટા મતોથી હરાવી શકે છે.

આ સર્વે સંભવિતપણે દર્શાવે છે કે હેલીએ લોકપ્રિયતાના મામલે બિડેનને પાછળ છોડી દીધો છે. સર્વે અનુસાર દક્ષિણ કેરોલિનાના પૂર્વ ગવર્નર નિક્કી હેલી બાઈડેન કરતા 17 પોઈન્ટ આગળ છે. સર્વેમાં બાઈડેનને 34 ટકા સમર્થન મળ્યું જ્યારે હેલીને 51 ટકા સહભાગીઓનું સમર્થન મળ્યું.

### 36 હેલીને, 24 ટકા બાઈડેનને મત મળવાનું અનુમાન






આ સર્વેમાં સામેલ 36 ટકા મતદારોનું કહેવું છે કે જો આજે ચૂંટણીમાં હેલીને બાઈડેન સાથે સખત મુકાબલો થશે તો તેઓ સ્પષ્ટપણે હેલીને સમર્થન આપશે, જ્યારે 24 ટકા લોકોનું કહેવું છે કે તેઓ બાઈડેનને મત આપશે. બીજી તરફ, આ સર્વેમાં સામેલ 15 ટકા મતદારોએ હજુ સુધી નક્કી કર્યું નથી કે તેઓ કોને મત આપશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો હેલી અને બાઈડેન વચ્ચે આ જ તફાવત રહે છે અને હેલી રિપબ્લિકન પ્રાઈમરી જીતે છે તો તે એક રીતે ઈતિહાસ રચી શકે છે. અગાઉ 1984માં આવી જ સ્થિતિ જોવા મળી હતી, જ્યારે રોનાલ્ડ રેગને વોલ્ટર મોન્ડેલને હરાવ્યા હતા. રીગને વોલ્ટરને 18 પોઈન્ટની લીડથી હરાવ્યા હતા. જો કે, વોલ સ્ટ્રીટ જર્નલનો સમાન સર્વે દર્શાવે છે કે નિક્કી હેલી પ્રેસિડેન્ટ બાઈડેનને ઢાંકી દેતી હોવા છતાં તે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પની પાછળ છે. સર્વેમાં ટ્રમ્પ હેલી કરતા 40 પોઈન્ટ આગળ દેખાઈ રહ્યા છે.

# નવા નિયમથી હવે નવી પરીક્ષા...

**હવે તલાટી બનવા માટે 12મું પાસ નહીં ચાલે, ડિગ્રી ફરજીયાત જોઈશે** | **ધો. 12 પાસને હજુ સરકારી નોકરીની તક, પણ મોટી નોકરી નહીં મળી શકે** | **LRD, ફોરેસ્ટર, બીટ ગાર્ડ, ડ્રાઈવર બનવા માટે લાયક રહેશે**

## નવા સમયની સાથે હવે નવી નોકરીઓમાં સારું શિક્ષણ મેળવેલા લોકોની જરૂર રહેશે

■ અમદાવાદ



ધોરણ 12 પાસ ઉમેદવારો ભલે તલાટીની પરીક્ષા માટે હવે લાયક નહીં રહે પરંતુ રાજ્ય સરકારની એલઆરડી, ફોરેસ્ટર, બીટ ગાર્ડ સાથે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ વિભાગમાં ડ્રાઈવર સહિતની જગ્યા માટે હજુ પણ ધોરણ 12 પાસ ઉમેદવારો પરીક્ષા આપી શકશે અને સરકારી નોકરી મેળવી શકશે. ઉપરાંત સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા લેવાતી કેન્દ્ર સરકારની વિવિધ કચેરી માટેની ચોક્કસ જગ્યા માટે પણ ધો. 12 પાસ ઉમેદવારો અરજી કરી શકે છે અને નોકરી માટે લાયક પણ ગણાશે. કોચિંગ એક્સપર્ટના મતે, આવનારા સમયમાં સરકાર તમામ ભરતીની શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી સ્નાતક કરે તેવી શક્યતા છે. ગુજરાતના ધો. 12 પાસ ઉમેદવારોએ સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષા આપવી જોઈએ, હવે તે ગુજરાતીમાં પણ લેવાય છે. રાજ્યમાંથી પરીક્ષા આપનારની સંખ્યા બહું ઓછી છે, જ્યારે કે તેમાં તકો ખૂબ છે.

**પોસ્ટ વિભાગમાં લઘુતમ લાયકાત ધોરણ 10 પાસ** બ્રાન્ચ પોસ્ટમાસ્ટર, આસિસ્ટન્ટ બ્રાન્ચ પોસ્ટમાસ્ટર, ડાક સેવકની જગ્યા માટે ઓગષ્ટ-2023માં ફોર્મ ભરાયા હતા. જેમાં પણ ધો.10 પાસ ઉમેદવારોને ભરતી માટે લાયક ગણવામાં આવ્યા હતા. ધો.10 પાસ ઉમેદવારોને પોસ્ટ વિભાગ દ્વારા તક અપાઈ શકે છે.

### GSRTCમાં ડ્રાઈવ - કન્ડક્ટર માટે 12 પાસને તક

એસટીમાં ડ્રાઈવર-કન્ડક્ટરની જગ્યા માટે પણ 12 પાસ ઉમેદવારો માટે તક છે. ભરતીના સમયે 12 પાસ ઉમેદવારો પરીક્ષા આપી શકે છે, ત્યાર બાદ આગળના તબક્કાની પરીક્ષા માટે સ્નાતક વગેરે ઉચ્ચ ડિગ્રી ધ્યાને લેવાય છે.

### તલાટી માટે સૌથી વધારે ફોર્મ ભરાયા હતા

2023માં લેવાયેલી તલાટીની પરીક્ષા માટે સૌથી વધારે 17 લાખ ફોર્મ ભરાયા હતા. તમામ ઉમેદવારોની પરીક્ષા એક સાથે લેવી શક્ય ન હોવાથી પંચાયત સેવા પસંદગી મંડળે પરીક્ષા માટે સંમતી પત્રની નવી પદ્ધતિ અપનાવવાની ફરજ પડી હતી.

### તલાટી-કમ-મંત્રીની કામગીરી

ગ્રામ પંચાયત મંત્રીએ સરકારના પંચાયત વિભાગના કર્મચારી હોવાથી તે રાજ્ય સરકારના પંચાયત વિભાગને લગતી તમામ કામગીરી કરવાની થાય છે. પંચાયતની યોજનાઓને લગતી તમામ કામગીરી તથા પંચાયત વિભાગ દ્વારા સોંપવામાં આવતી તમામ કામગીરી ગ્રામ પંચાયત મંત્રીએ કરવાની થાય છે.

## NEWS FILE

### વડોદરા BJPના કાઉન્સિલર સ્નેહલ પટેલનું ફેસબુક હેક



વડોદરાઃ વડોદરામાં ભાજપ નેતાના ફેસબુક પેજ પર રાહુલ અને પ્રિયંકા ગાંધીના ફોટા પોસ્ટ થઈ રહ્યા છે. જી..હા વડોદરા કોર્પોરેશનમાં વોર્ડ નં-16ના ભાજપના કાઉન્સિલર સ્નેહલ પટેલનું ફેસબુક પેજ હેક થયું છે. અને તેમાં કોંગ્રેસની જાહેરાત કરવામાં આવી રહી છે. આ બાબત ધ્યાને આવતા મહિલા કાઉન્સિલરે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે. આ સાથે તેમણે એવો દાવો કર્યો છે કે મારું ફેસબુક એકાઉન્ટ પાકિસ્તાનથી હેક થઈ રહ્યું છે. ભાજપના મહિલા કાઉન્સિલર સ્નેહલ પટેલના હેક થયેલા એકાઉન્ટમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના કોંગ્રેસ નેતાઓના ફોટો મુકવામાં આવ્યા છે.

### નડિયાદ મંજીપુરા રિંગરોડ પર કચરાના ઢગથી લોકો પરેશાન

નડિયાદ : નડિયાદ શહેરના મંજીપુરા પાસેથી પસાર થતા રિંગ રોડ પર ગંદકી અને કચરાના ઢગલા ખડકાયા છે. ગંદકીઅને કચરાની દુર્ગંધથી આજુબાજુની સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. નડિયાદ ડાકોર રોડથી બિલોદરા ચોકડી મંજીપુરા, કમળા ચોકડી થઈ ડભાણ નેશનલ હાઈવેને જોડતો રિંગ રોડ પસાર થાય છે. આ રિંગ રોડ વાહનોની અવરજવરથી ધમધમતો રહે છે. આ વિસ્તારમાં આવેલી દુકાનના વેપારીઓ તેમજ સ્થાનિક રહીશો કચરાપેટીમાં કચરો નાખવાને બદલે આડેધડ ગંદો કચરો ઠાલવી રહ્યા હોવાના આક્ષેપો ઉઠયાં છે.

## વડોદરામાં રેલવે ઓવરબ્રિજની કામગીરીમાં સ્લેબ ધરાશાયી

### મહિલાને ઈજા, ફાટક ખુલ્લુ ન હોત તો મોટી દુર્ઘટના થાત

■ વડોદરા



વડોદરા શહેરના માણેજા વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજની કામગીરી દરમિયાન બ્રિજના સ્લેબનો ભાગ ધરાશાયી થતા દોડધામ મચી ગઈ હતી. આ ઘટનામાં એક મહિલાને સામાન્ય ઈજા પહોંચી હતી. દુર્ઘટના સમયે રેલવે ફાટક ખુલ્લું હોવાથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. જોકે દિવ્ય ભાસ્કરની ટીમ જ્યારે રેલવે ઓવરબ્રિજ પાસે પહોંચી ત્યારે રેલવે ઓવરબ્રિજની કામગીરી કરી રહેલા કામદારો કોઈ પણ પ્રકારની સેફ્ટી વિના કામગીરી કરી રહ્યા હોવાનુ જોવા મળ્યું હતું. વડોદરાના માણેજા વિસ્તારમાં મકરપુરા રેલવે સ્ટેશન પાસે હાલ રેલવે ઓવરબ્રિજની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. રેલવે ઓવરબ્રિજની કામગીરી દરમિયાન સોમવારે બ્રિજનો સ્લેબ ભરવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન બ્રિજનો સ્લેબ અચાનક જ ધરાશાયી થયો હતો. જેને પગલે આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. બાજુમાં આવેલી એક દુકાનમાં બેઠેલી મહિલા પર સ્લેબનો તાજો બનાવેલો માલ પડ્યો હતો. જેથી મહિલાને સામાન્ય ઈજા થઈ હતી.

## શહેરમાં 12 જગ્યાએ વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન બનાવાશે

### આગામી મહિને ચાર્જિંગના દર નક્કી કરી સ્ટેશનનું લોકાર્પણ

■ અમદાવાદ

ઈલેક્ટ્રિક વ્હીકલને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નવી EV પોલીસી તૈયાર કરવામાં આવી છે. જે અંતર્ગત ઈલેક્ટ્રિક વાહનોમાં વધારો થઈ રહ્યો છે. ઈલેક્ટ્રિક વાહનોના ચાર્જિંગ માટે શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા પીપીપી ધોરણે 12 જગ્યાએ ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે. 9 ચાર્જિંગ સ્ટેશન બનીને તૈયાર થઈ ગયા છે જ્યારે બાકીના 3 આગામી દિવસોમાં ઝડપથી બનીને તૈયાર થઈ જશે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા આગામી મહિને આ તમામ ચાર્જિંગ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવશે.

AMC દ્વારા ચાલુ વર્ષના બજેટમાં વિવિધ વિસ્તારોમાં ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરવાની જાહેરાત કરવામાં આવી હતી. શહેરના એર પોલ્યુશનમાં ઘટાડો થાય તે હેતુસર કેન્દ્ર સરકારની ગાઈડલાઈનને અનુસરીને ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે અને ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ કરવા માટે વધુને વધુ નાગરિકો તૈયાર થાય હેતુસર પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી કરનારની સરળતા અને સગવડતા માટે AMC દ્વારા 10 ટકા રેવન્યુ શેરિંગ સાથે પીપીપી ધોરણે શહેરમાં વિવિધ વિસ્તારોમાં 12 જેટલા ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનો ઉભા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

### શહેર કોંગ્રેસ સમિતિના નવા પ્રમુખ હિંમતસિંહ પટેલ બન્યા



અમદાવાદઃ અમદાવાદ કોંગ્રેસ સમિતિના નવા પ્રમુખ તરીકે હિંમતસિંહ પટેલની નિમણુંક કરવામાં આવી છે. હિંમતસિંહ પટેલનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો જે અગાઉ હિંમતસિંહ પટેલે રેલી સ્વરૂપે શક્તિ પ્રદર્શન સાથે પદ ગ્રહણ કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો સાથે ચાલીને રૂપાલીથી શહેર કોંગ્રેસના કાર્યાલય સુધી પહોંચ્યા હતા. પરંતુ હિંમતસિંહ પટેલ માટે લોકસભાની ચૂંટણીમાં અમદાવાદને સ્પર્શતી ત્રણ બેઠક તેમની પ્રથમ ટેસ્ટ રહેશે. સાંજે 5 વાગે લાલ દરવાજા સરદાર બાગ સામે રાજીવ અને ઈન્દિરા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યકરો સાથે પદયાત્રા કરી હતી.

## લોકસભા ચૂંટણી પહેલાં ભાજપનું ઓપરેશન લોટસ શરૂ « વિસાવદરના MLA ભાયાણીના AAPને રામ-રામ...

### ભાજપમાં જોડાવાની જાહેરાત, ઈટાલિયાએ નામર્દ ગણાવ્યા

■ અમદાવાદ

આમ આદમી પાર્ટીના પાંચ ધારાસભ્ય પૈકી વિસાવદર વિધાનસભા બેઠકના ધારાસભ્યની વિકેટ આજે ખરી પડી છે. વિસાવદર બેઠકના ભૂપત ભાયાણીએ આજે વિધાનસભા ખાતે અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપ્યું છે. બીજી તરફ, બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા અને ગારિયાધારના ધારાસભ્ય સુધીર વાઘાણી પણ AAPને બાય બાય કરે એવી શક્યતા. ઉમેશ મકવાણા સાંજે 4 વાગ્યે સત્તાવાર રીતે જાહેરાત કરશે એવા સમાચારા મળી રહ્યા છે.

ભૂપત ભાયાણીએ જણાવ્યું હતું કે રાજીનામું આપવા પાછળ ઘણાં બધાં કારણો છે. હું રાષ્ટ્રવાદી માણસ છું અને રાષ્ટ્રના હિતમાં કામ કરવા મારા માટે આમ આદમી પાર્ટી યોગ્ય પ્લેટફોર્મ નહોતું, જેથી કરીને મેં મારી જનતા અને કાર્યકર્તાઓને પૂછી મેં નિર્ણય કર્યો છે. કઈ પાર્ટી રાષ્ટ્રવાદી છે અને કઈ પાર્ટી રાષ્ટ્રવાદી નથી એ દેશની જનતા જ જાણે છે. મારે જનતાનાં કામ કરવાં છે. મને યોગ્ય પ્લેટફોર્મ ન લાગતા મેં નિર્ણય લીધો છે.

### સંઘર્ષના સમયે મેદાનમાં ઊભા રહે તે જ મર્દ



આપના નેતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ભૂપતભાઈ ભાયાણીએ લોકોનો વિશ્વાસ તોડ્યો છે. મર્દ માણસ હોય તો સંઘર્ષના સમયે મેદાનમાં અમારી જેમ અડીખમ ઊભો રહે છે. નામર્દ અને કાયર હોય તો ભૂપત ભાયાણીની માફક મેદાન છોડીને ભાગી જાય છે. ભાજપ વિપક્ષ ખતમ કરવા માટે તમામ પ્રકારના પ્રયત્નો કરે છે. લલચાવી, ધમકાવી યેન કેન પ્રકારેણ નેતાઓને પોતાની તરફ લઈ જવામાં તેઓ સફળ થઈ રહ્યા છે, પરંતુ તેમનામાં હિંમત હોય તો મારા જેવા આમ આદમી પાર્ટીના ઓરિજિનલ કાર્યકર્તાને લઈ જઈને બતાવે, લલચાવીને બતાવે. અમે આમ આદમી પાર્ટી સતત સંઘર્ષ કરતા રહીશું અને છેવટ સુધી લડતા રહીશું.

# નિકાસબંધી પરત ખેંચવા માગ...

**ડુંગળી નિકાસબંધી સામે ખુદ ભાજપના સંસદસભ્યનો વિરોધ કરવામાં આવ્યો | કેન્દ્રીય કૃષિમંત્રી અર્જુન મુંડાને કરવામાં આવી લેખિત રજૂઆત .... | ડુંગળીની નિકાસબંધીથી ખેડૂતોને સારું ઉત્પાદન છતાં નથી મળતો પૂરતો ભાવ**

રાજકોટ: ડુંગળીના વધતા ભાવને કાબુમાં લેવા કેન્દ્ર સરકારે ડુંગળી પર નિકાસબંધી લાદતા ખુદ ભાજપના સંસદસભ્ય, નેતાઓએ તેનો વિરોધ કર્યો છે. રાજકોટના સંસદસભ્ય મોહન કુંડારિયા, પોરબંદરના સાંસદ રમેશ ધડુક તેમજ સાંસદ રાજેશ ચુડાસમા સહિત નેતાઓએ કેન્દ્રીય કૃષિમંત્રી અર્જુન મુંડાને રૂબરૂ મળીને લેખિતમાં રજૂઆત કરી છે. કે કિસાનોની વ્યથાને સમજીને નિકાસબંધી પર પુનર્વિચાર કરવામાં આવે અને નિકાસબંધી પરત ખેંચવા ખેડૂતો વતી અમારી માગ છે...

## એકબાજુ ખેડૂતોને ભાવ મળતો નથી અને ડુંગળીનો ભાવ આસમાને પહોંચતા લોકો પરેશાન છે

### કેન્દ્ર સરકારના નિર્ણયને સમર્થન કરતા નથી...

રજૂઆત કરતા જણાવ્યું હતું કે, નિકાસબંધી પહેલા ખેડૂતોને ડુંગળીના ખુલ્લી બજારમાં રૂ.400 થી 600 ભાવ મળતા હતા. જે નિકાસબંધી લાગુ થતા હાલ પ્રતિ 20 કિલોગ્રામના રૂ.100 થી 200 થઈ ગયા છે. આના કારણે કિસાનો પર અધિક બોજ આવી રહ્યો છે. સાંસદ ઉપરાંત જિલ્લાના ભાજપના નેતાઓએ પણ ડુંગળી નિકાસબંધી પાછી ખેંચવા માંગણી કરી છે.

### 2021-22માં રેકોર્ડબ્રેક ઉત્પાદન થયું હતું

રોજિંદા શાકભાજી અને હોટલ-રેસ્ટોરાંમાં વપરાતી ડુંગળીનો પાક સૌથી વધુ ભારતમાં થાય છે. વર્ષ 2021-22 માં 317 લાખ ટન સામે ગત વર્ષ 2022-23માં દેશમાં 318 લાખ ટનનો પાક થયો. તેમાં માત્ર ગુજરાતમાં 22.51 લાખ ટન ડુંગળી પેદા થઈ છે અને રાજ્યની લાલ ડુંગળીની દેશવિદેશમાં માગ રહે છે. ગુજરાતમાં સતત ત્રીજા વર્ષે ઉત્પાદન 20 લાખ ટનને પાર થયું છે.



### નિકાસબંધી પાછી ખેંચાય તેવી માગ

નિકાસની માગ નહિ રહેતા વેપારીઓએ લોડિંગ બંધ કરતા રાજકોટ, ગોંડલ, મહુવા સહિત સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડોમાં ડુંગળીની આવક જ બંધ કરી દેવાઈ છે. ઉલ્લેખનીય છે કે, ઊંચા ભાવ મળતા 3 દિવસ પહેલા ખેડૂતો ટનબંધ ડુંગળી ઠાલવતા હતા. રાજકોટ યાર્ડમાં તો સૌથી વધુ આવક ડુંગળીની થતી. જે એક દિવસમાં 12 હજારથી 13 હજાર ક્વિન્ટલ સુધી પહોંચી જતી હતી, પરંતુ સોમવારથી આવક બંધ છે અને નિકાસબંધી પાછી ખેંચાય તેવી માગ કરવામાં આવી રહી છે.

# ખોડલધામના નરેશ પટેલ 18 દિવસનો પ્રવાસ કરશે

### ખોડલધામ ટ્રસ્ટ 200 બેડની કેન્સર હોસ્પિટલ બનાવશે

■ રાજકોટ



રાજકોટના ખોડલધામ ટ્રસ્ટ દ્વારા અમરેલી ગામે કેન્સર હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે. જેનું ખાતમુહૂર્ત 21મી જાન્યુઆરીના રોજ ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલના હસ્તે થશે. આ કેન્સર હોસ્પિટલ પ્રથમ તબક્કે 200 બેડની હશે અને તેમાં માત્ર પાટીદાર જ નહીં, પરંતુ સર્વ સમાજના દર્દીઓ સારવાર લઈ શકશે. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે જણાવ્યું હતું કે, 21મી જાન્યુઆરી 2024ના રોજ રાજકોટના અમરેલી ગામે નિર્માણ પામનાર કેન્સર હોસ્પિટલનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જે અંદાજિત 24થી 36 મહિનામાં તૈયાર થઈ જશે. આ હોસ્પિટલમાં પાટીદાર સમાજ ઉપરાંત અન્ય સમાજના દર્દીઓ પણ તબીબી સારવાર લઈ શકશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 21મી જાન્યુઆરી 2024ના કેન્સર હોસ્પિટલનું ભૂમિ પૂજન 7 દીકરીઓના વરદ હસ્તે કરવામાં આવશે. જાહેર કાર્યક્રમ અને સ્ટેજ કાર્યક્રમ કાગવડમાં સ્થિત ખોડલધામ મંદિર ખાતે સવારે 9:30 થી 11:30 સુધી કરવામાં આવશે.

# સૌરાષ્ટ્ર-કચ્છના 1.61 લાખ રાશનકાર્ડ સાયલન્ટ ઝોનમાં

### ગરીબ પરિવારોને અનાજ પુરવઠો બંધ કરવામાં આવ્યો

■ રાજકોટ



રાજ્ય સરકાર દ્વારા ગરીબ પરિવારોને દર મહિને રાહતભાવનો આપવામાં આવતો અનાજ-પુરવઠો નહીં લેતા સૌરાષ્ટ્ર-કચ્છના 1 લાખ 61 હજાર 225 રાશનકાર્ડ ધારકોના કાર્ડ સાયલન્ટ ઝોનમાં મુકી દેવામાં આવ્યાં છે. જેને લીધે ગરીબ પરિવારોને અનાજ-પુરવઠો નહીં મળતા સમસ્યા ઊભી થઈ છે. જોકે પુરવઠા વિભાગના સૂત્રો જણાવે છે કે, ત્રણ માસથી વધુ સમયથી સસ્તા અનાજની દુકાનેથી પુરવઠો ન લેતા કાર્ડ ધારકોના જ રાશનકાર્ડ બ્લોક કરાયા છે.

રાજ્ય સરકાર દ્વારા એવી સ્પષ્ટ સુચના આપવામાં આવી હોવા છતાં પણ તંત્ર દ્વારા રાશનકાર્ડ ધારકની કોઈ પણ ખરાઈ કર્યા વગર કાર્ડ બ્લોક કરી નાખવામાં આવ્યા છે. હવે આ કાર્ડ ચાલુ કરવા માટે રાશનકાર્ડ ધારકો જિલ્લા પુરવઠા કચેરી અને ઝોનલ ઓફિસના ધક્કા ખાઈ રહ્યા છે. દિવાળીના તહેવારમાં પણ ગરીબ પરિવારોને રાહતભાવની ખાંડ અને તેલ મળ્યા ન હતા. આ ઉપરાંત દર મહિને મળવાપાત્ર જથ્થો પણ મળી શક્યો ન હતો. આથી ગરીબ પરિવારના તહેવાર બગડ્યા હતા.

## NEWS FILE

### ઓખા - ગોરખપુર અઠવાડિક એક્સપ્રેસ ફરી શરૂ કરાઈ



રાજકોટ: ઉત્તર રેલવેના લખનૌ ડિવિઝનમાં સ્થિત બારાબંકી યાર્ડના રિમોડલિંગના કામને કારણે ઓખા-ગોરખપુર અને ગોરખપુર-ઓખા એક્સપ્રેસ, જે અગાઉ 14 જાન્યુઆરી, 2024 સુધી રદ કરવામાં આવી હતી, તે હવે રદ થવાને બદલે આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ટ્રેન નં. 15046 ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ટ્રેન નં. 15045 ગોરખપુર-ઓખા એક્સપ્રેસ 14.12.2023, 21.12.2023, 28.12.2023, 04.01.2024 અને 11.01.2024 ના રોજ રદ થવાને બદલે હવે આંશિક રીતે ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, બનારસ, વારાણસી, વારાણસી સિટી, ભટની અને ગોરખપુર થઈને ચાલશે.

### રાજકોટમાં 1લી જાન્યુઆરીથી લોકસભાની ચૂંટણીનો રથ ફરશે

રાજકોટ: ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને માઈક્રો પ્લાનિંગ સાથે તૈયારીઓ ચાલી રહી છે. જેમાં મતદાર યાદી સુધારણાની ખાસ ઝુંબેશ બાદ હવે EVM મશીનોના ડેમોસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં આગામી તારીખ 1 જાન્યુઆરીથી EVMનો રથ પરિભ્રમણ કરશે. ચૂંટણી પંચ દ્વારા EVMના નિર્દેશન માટે ગુગલમેપનો ઉપયોગ કરી જ્યાં લોકોની વધુ ભીડ રહેતી હોય તેવા શોપીંગ સેન્ટર શાક માર્કેટ જેવા ભીડવાળા વિસ્તારોમાં આ રથ પરિભ્રમણ કરશે.

### ભાવનગરના વાવેતરમાં 25 ટકાનો ઘટાડો નોંધાયો



ભાવનગર: ભાવનગર જિલ્લામાં આ વર્ષે શિયાળાની ઠંડી મોડી શરુ થઈ છે અન તેની અસર શિયાળુ વાવેતર પર પડી છે. ભાવનગર જિલ્લામાં ગત વર્ષે આ સમયગાળામાં રવિ પાકનું કુલ વાવેતર 84.600 હેકટર હતુ તે આ વર્ષે હજી સુધીમાં માત્ર 63,400 હેકટરમાં થયું છે. એટલે કે ગત વર્ષની તુલનામાં આ વર્ષે શિયાળુ પાકના વાવેતરમાં ભાવનગર જિલ્લામાં વાવેતરમાં 25 ટકાનો ઘટાડો થયો છે. જળાશયોમાં પાણી પણ પૂરતા પ્રમાણમાં સંગ્રહિત થઈ ગયુ હોવા છતાં શિયાળામાં આ વર્ષે નવેમ્બર માસમાં ઠંડીની શરૂઆત મોડે મોડે થતા વાવેતર પર આડ અસર જોવા મળી છે અને વાવેતરમાં ઘટાડો નોંધાયો છે.

# એરપોર્ટ પહોંચો ઉડીને

## « રાજકોટ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિકની ચિંતા ન કરતા, ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે બનશે ફ્લાય ઓવરબ્રિજ, PMOએ આપી મંજૂરી...

### બ્રિજની ડિઝાઈન ફાઈનલ કરી દેવામાં આવી છે...

■ રાજકોટ

રાજકોટ-અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે હીરાસરમાં રૂ.1,405 કરોડના ખર્ચે તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટમાં ટ્રાફિકનો પ્રશ્ન ન ઉદભવે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.100 કરોડના ખર્ચે 1.50 કિલોમીટરનો ફ્લાય ઓવરબ્રિજ બનાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. ગતિ શક્તિ પ્રોજેક્ટ અંતર્ગત PMO દ્વારા રાજકોટ જિલ્લાના અલગ અલગ વિકાસકામોની સમીક્ષા કરવામા આવી હતી.

રાજકોટના જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીના જણાવ્યા પ્રમાણે, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે ટી સેક્શનમાં ફ્લાય ઓવરબ્રિજ બનાવવા માટે PMOની સમીક્ષા બેઠકમાં મંજૂરી મળી ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, હીરાસર એરપોર્ટ પાસે ફ્લાય ઓવરબ્રિજ બનાવવાનો પ્રોજેક્ટ વિચારણામાં હતો. આ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા બ્રિજનો ડીપીઆર બનાવવામાં આવ્યો હતો.

### હાલ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ઉડાન ભરે છે, અન્ય વાહનચાલકો બ્રિજ નીચેથી પસાર થશે



ઉલ્લેખની છે કે, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી હાલ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ઉડાન ભરે છે, પરંતુ આગામી સમયમાં અહીંથી લંડન સહિતની ઈન્ટરનેશનલ ફ્લાઈટ પણ ઉડાન ભરવાની છે ત્યારે આગામી સમયમાં થનારા ટ્રાફિકને ધ્યાનમાં રાખી એરપોર્ટ પર જતા મુસાફરો માટે અલગથી ટી સેક્શનમાં ફ્લાય ઓવરબ્રિજ બનાવવા માટેનો નિર્ણય લેવાયો હતો જેને PMO એટલે કે પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ દ્વારા મંજૂરી મળી ગઈ છે. ફ્લાય ઓવરબ્રિજ માટે ડિઝાઈન ફાઈનલ થઈ ગઈ છે. ત્યારે હવે કેન્દ્ર સરકાર દ્વારા નાણાંની ફાળવણી કરવામાં આવતા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે ફ્લાય ઓવરબ્રિજ બનશે. જેથી એરપોર્ટ પર જતા મુસાફરો આ બ્રિજ ઉપરથી જશે અને અન્ય વાહનચાલકો બ્રિજ નીચેથી પસાર થશે.

# શ્વાસ લખ્યા હોય ત્યા સુધી જીવવુ જ પડે છે. સહારો હોય કે ના હોય



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - 11

અખિલની સાથે લક્ષ્મીપ્રસાદ પણ સંડોવાયા હોય, એ શક્યતાને પણ ઈન્સ્પેક્ટરે ચકાસી હતી. લક્ષ્મીપ્રસાદના ઘરના ફોન ટેપ થતાંહતાં, એમનો પીછો કરવામાં આવતો હતો.

બહુ જ બધી મહેનત, કેટલાયે દિવસોનીર જળપાટ છતાંયે શુભા ના મળી તેના જ મળી. જાણે કે બંને હવામાં જ ઓગળી ગયા ના હોય!

શુભાને ગયે પુરા પિસ્તાલીસ દિવસ થઈ ગયાં. દિવાળી પણ ચાલી ગઈ. જેમ-જેમ દિવસો જતા હતાં, શુભાના મળવાની શક્યતા ધૂંધળી થતી જતી હતી.

તુલસી નું જીવન યંત્રવત્ થતું જતું હતું. એક પ્રાણ વગરની પ્રતિમા જ જાણે. એ આંખો બંધ કરતી ને શુભા પરીનો ડ્રેસ પહેરેલી દેખાતી ને કાનમાં એના મા-મા ના ભણકારા સંભળાતાં. ધીમે-ધીમે એ ભણકારાનો અવાજ એટલો મોટો થઈ જતો કે, તુલસીને લાગતું કે હમણાં એના કાનના પડદા ફાટી જશે.

એનાથી ચીસ પડાઈ જતી અને બે કાન પર હાથ દાબીને નિઃસહાયતાથી એ રડી પડતી.

તુલસી જ નહીં લક્ષ્મી પ્રસાદ ને રુખીબહેનનું જીવવાનું પણ યંત્રવત્ જ થતું જતું હતું. એ બંનેને પણ શુભા એટલી જ યાદ આવતી હતી. પરંતુ એ બંનેને હૈયે એટલી તો ધરપત હતી જ કે અખિલ શુભાને કશું નુકસાન તો નહીં જ કરે.

આખરે એ શુભાનો બાપ છે. દુનિયાનો કયો બાપ પોતાની દીકરીને હાનીપહોંચાડે.

તુલસીને સો ટકા ખાતરી હતી કે, અખિલ મારા પરનું વેર વાળવા જ શુભાને ઉપાડી ગયો છે. મારા પરના ગુસ્સાનો, વેરનો બદલો લેવાનો મોકો એ શું કામ છોડે?

ઈન્સ્પેક્ટર આત્મન પોતાનું કામ કરી રહ્યા હતા, ત્યાં ટેલીફોનની ઘંટડી રણકી. સામે છેડે પોલીસ કમિશનર હતાં ને કહી રહ્યા હતાં કે બધું જ કામ છોડીને તાત્કાલિક એમની ઓફિસમાં આવીજ ાવ.

ઈન્સ્પેક્ટર આત્મન તરત જ જીપ કઢાવીને કમિશનર ઓફિસ પહોંચ્યાં.કમિશનર સાહેબે બધી જ વાત ઈન્સ્પેક્ટરને કરી. જેમ-જેમ ઈન્સ્પેક્ટર વાત સાંભળતા ગયાં, એમનું મગજ સુન્ન થતું ગયું, હૃદય ભારે થતું ગયું. કમિશનર સાહેબની ઓફિસની બહાર નીકળીને બહારમુલાકાતીઓ માટે રાખેલી ખુરશી પર એ બેસી પડ્યાં.


થોડીવાર પછી માથુ ઝટકાવીને વિચારોને ખંખેરીનાખ્યા, એક ઊંડો શ્વાસ લીધો ને ફરી એકવારક પરી ફરજ બજાવવા જાતને તૈયાર કરી.

છેલ્લા પાંચ વર્ષથી એ જુનાગઢમાં જ હતાં, તેથી તુલસીના કેસની, જીવનની દરેક બાબતોથી એ પરિચિત હતાં. એની નજર સમક્ષ તુલસીનું દયામણું, રડતું મોં તરવરી ઉઠ્યું.

હવે કઈ રીતે જીવશે એ સ્ત્રી? કોના સહારે? પોતાનું કહી શકાય એવું કોઈ જતો નથી રહ્યું હવે એના જીવનમાં.

આવા વિચાર સાથે જ એમની અંદરથી અવાજ આવ્યો કે, તારું પોતાનું કોણ છે અત્યારે તારી પાસે? છતાંયે તું જીવી રહ્યો જ છે ને! જીવન કદી કોઈ માટે રોકાતું નથી. જ્યાં સુધી શ્વાસ લખેલા છે, જીવવું જ પડે છે. સહારો હોય કે ના હોય.

એ પણ જીવી જશે. ઈશ્વરે એના માટે પણ કશુક વિચાર્યું હશે જ. પોતાની અંદરથી આવતા આવા આશ્વાસનથી એમને થોડીક રાહત લાગી.



આપણે આપણી જિંદગીમાં અનેક સંબંધોથી જોડાઈએ છીએ. દરેક વ્યક્તિ સાથે આપણો સંબંધ અલગ-અલગ હોય છે. પ્રેમનો, લાગણીનો, ઉપકારનો, મિત્રતાનો, નફરતનો,પીડાનો વગેરે.

દરેક સંબંધમા જોડાતાં આપણને સમય લાગે છે, પરંતુ પીડાનો સંબંધ એવો સંબંધ છે કે, જેમાં જોડાતા વાર નથી લાગતી. એમાંયે જ્યારે આપણે પણ એવી જ પ્રકારની પીડાથી પીડિત હોઈએ ત્યારે તો એ પીડિત વ્યક્તિ આપણને પોતીકું જ લાગવા માંડે છે.

ઈન્સ્પેક્ટર પોતે પણ પોતાની પત્નીથી અનેક પ્રકારે પીડિત હતાં, એમની દીકરી જીવિત હોવા છતાં એમનાથી દૂર હતાં.

આ બધાને લીધે એમને તુલસી પ્રત્યે ભારોભાર સંવેદના હતી,અને એનું દર્દ, એની પીડાને એ ખૂબ સારીરીતે સમજી શકતાં હતાં.ઈન્સ્પેક્ટર જ્યારે તુલસીની ઘરે પહોંચ્યા ત્યારે સાંજના સાત વાગ્યા હતાં.

શુભાને આ ઘરમાંથી ગયે આજે ઓગણપચાસ દિવસ નવ કલાકને દસ મિનિટ થઈ ગઈ. તુલસીને મિનિટે-મિનિટનો હિસાબ મોઢેહતો. એવી એકપળ પણ નહોતી વીતીકે જ્યારે એને શુભા યાદ ના આવી હોય! દરેક સમયને એ શુભા સાથે સાંકળીને એને યાદ કરતી. શુભા હોતતો અત્યારે અમે આમ કરતા હોત, આવું કરતા હોત.

સાંજે છથી સાતનો સમય બંનેનો બગીચામાં ફરવાનો,ફૂલોજોવાનો, હીંચકાખાવાનો, અવનવીન વાતો કરવાનો સમયહતો.

બગીચાના એકખૂણામાં નાનકડું શિવમંદિરહતું. ગોળાકાર આરસના ઓટલા પર વચ્ચે શિવલિંગ હતું અને એ ઓટલા પર થોડા-થોડા અંતરે આરસની નકશીદાર થાંભલીઓ હતી. એથાંભલીઓનેટેકેઆખાઓટલાનેકવરકરતોગોળાકારઘુમ્મટહ તો. એ ઘુમ્મટને ફરતી આરસની નાનકડી લટકતી પડદી હતી અને એ પડદીમાં થોડા-થોડાઅંતરે નાનકડી ઘંટડીઓ લગાવેલી હતી. ઘુમ્મટની મધ્યમાં બરાબર શિવલિંગ પર આવે એજ રીતે ચાંદીનું છત્ર લટકાવેલું હતું. આરસના ઓટલા ને લીધે ભરઉનાળામાંયે ત્યાં ઠંડક રહેતી. જ્યારે પવન આવતો ત્યારેએ પવનના લીધે ઘંટડીઓનો મીઠો રણકાર ચારેબાજુ ગુંજી ઉઠતો અને સમગ્ર વાતાવરણ જાણે કે જીવંત થઈ ઉઠતું. (ક્રમશઃ)

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

કોઈ અંગત સમસ્યાનો ઉકેલ આવવાનો છે. વર્તમાન વાતાવરણમાં બનાવવામાં આવેલી કેટલીક નવી નીતિઓ તમારા માટે ફાયદાકારક સાબિત થશે. અને તમે તમારા કાર્યને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરી શકશો. નજીકના સંબંધીઓ સાથેના સંબંધો સૌહાર્દપૂર્ણ રહેશે. કોઈ પોલિસી વગેરેમાં રોકાણ ન કરો, કારણ કે કોઈ યોગ્ય પરિણામ નહીં મળે.

### વૃષભ



(બ.વ.ઉ)

તમારી બુદ્ધિ અને સમજદારીથી કોઈપણ નિર્ણય લેવાથી તમને ચાલી રહેલી સમસ્યાઓનો ઉકેલ મળશે અને તમે તમારા અંગત કામમાં પણ ધ્યાન આપી શકશો. તમારા કામમાં વધુ વિશ્વાસ રાખવાથી તમને કોઈ પણ નિર્ણય લેવામાં શક્તિ મળશે. સમય પ્રમાણે તમારા વર્તન અને દિનચર્યામાં બદલાવ લાવો.

### મિથુન



(ક.છ.ઘ)

ધાર્મિક -આધ્યાત્મિક કાર્યોમાં સમય પસાર કરવાથી તમારી વિચારધારામાં સકારાત્મક પરિવર્તન આવશે. ચોક્કસ વસ્તુની ખરીદી પણ શક્ય છે. પરિવારના કોઈ સદસ્યની ચાલી રહેલી સમસ્યા તમારા પ્રયત્નો દ્વારા ઉકેલી શકાય છે. બિનજરૂરી વાદવિવાદમાં ન પડો અને જ્યારે કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે ગભરાવાને બદલે ઉકેલ શોધો.

### કર્ક



(ડ.હ)

તમારી કોઈ ઈચ્છાઓ પૂર્ણ થવા જઈ રહી છે જેના કારણે તમે આત્મવિશ્વાસથી ભરપૂર અનુભવ કરશો. ઘર અને બહાર બંને જગ્યાએ તમારું સન્માન અને સન્માન જળવાઈ રહેશે. તમારી બુદ્ધિ અને વ્યવસાયિક વિચારસરણી લાભના નવા સ્ત્રોત બનાવશે. યુવાનો પોતાની મહેનતનું સાનુકૂળ પરિણામ ન મળવાને કારણે થોડો તણાવ અનુભવશે.

### સિંહ



(મ.ટ)

કોઈ અટકેલું કામ પૂરું થઈ શકે છે. યુવાનોએ પોતાના ભવિષ્ય માટે આયોજન કરવું જોઈએ, આ સમયે ગ્રહોની સ્થિતિ તમને વધુ સારી વસ્તુઓ આપવાના પક્ષમાં છે. કેટલાક સમયથી ચાલી રહેલી વ્યસ્ત દિનચર્યામાંથી રાહત મેળવવા માટે, તમારી પસંદગી મુજબના કાર્યો કરવામાં થોડો સમય ફાળવો. પૈસાનો હિસાબ કરતી વખતે બેદરકારી ન રાખો.

### કન્યા



(પ.ઠ.ણ)

ધાર્મિક કે સમિતિ સંબંધિત કામમાં સહયોગ કરવાની તક મળશે. જો તમે તમારું સ્થાન બદલવાનું વિચારી રહ્યા છો, તો તમે આજે પ્રવૃત્તિઓ શરૂ કરી શકો છો. પ્રભાવશાળી લોકોની સંગતમાં રહેવાથી તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન આવશે. તમારું કોઈ કામ આવતી કાલ સુધી સ્થગિત ન કરો. ક્રોધ અને ક્રોધ જેવી પરિસ્થિતિઓથી દૂર રહો.

### તુલા



(ર.ત)

જો ઘરમાં પરિવર્તનને લઈને કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો આજનો કોઈ નિર્ણય લેવા માટે અનુકૂળ સમય છે. સામાજિક પ્રવૃત્તિઓમાં તમારો સહકાર તમને ઓળખ અને સન્માન આપે છે. આજે તમારે કોઈપણ કામમાં ઉતાવળ કરવાથી બચવું પડશે. પડોશીઓ સાથે કોઈ મુદ્દે વિવાદ થઈ શકે છે. શાંત રહો.

### વૃશ્ચિક



(ન.ય)

તમે તમારી દિનચર્યામાં થોડો ફેરફાર કરીને તમારા અટકેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. અનુભવી લોકો સાથે સમય વિતાવવા અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારા વ્યક્તિત્વમાં વધુ નિખાર આવશે. આ સમયે કોઈ આર્થિક નુકસાન કે માનહાનિ જેવી સ્થિતિ બની શકે છે. કેટલાક મિત્રો તમારી સમસ્યાઓનું કારણ બનશે.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

તમારી આવક અને ખર્ચ વચ્ચે તાલમેલ જાળવીને તમે નાણાકીય સમસ્યાઓથી બચી શકશો. તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો. આ ઉપરાંત પરિવારના સભ્યોનો સહયોગ પણ તમારા માટે ફાયદાકારક રહેશે. આજે તમને કેટલીક મહત્વપૂર્ણ માહિતી પણ મળશે.સંબંધીઓ સાથે કોઈ વિવાદના કિસ્સામાં શાંત રહો.

### મકર



(ખ.જ)

સાસરિયાં સાથે ચાલી રહેલી કોઈ નારાજગી આજે દૂર થઈ જશે. નાની-નાની સમસ્યાઓને અવગણો. તમારી ક્ષમતા અને બુદ્ધિમત્તાના કારણે તમને કેટલાક નવા પ્રસ્તાવો મળશે અને તેમાં તમે સફળ થશો. ધાર્મિક યાત્રા સંબંધિત યોજના બનશે. તમારા કોઈ અંગત કામમાં અવરોધ આવવાને કારણે માનસિક તણાવ વધી શકે છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

ભાગ્યને બદલે કર્મમાં વિશ્વાસ રાખો. ઘર અને વ્યવસાય બંનેમાં યોગ્ય સંવાદિતા રહેશે. તમને કેટલાક ધર્માદા કાર્યોમાં પણ રસ રહેશે. નજીકની મુસાફરી પણ શક્ય છે. સંબંધીઓ અને મિત્રો સાથે થોડો સમય વિતાવવાથી પણ સંબંધો મજબૂત થશે. જો તમે તેમાં દખલ કરશો તો તમને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

### મીન




(દ.ચ.ઝ.થ)

તમારું કોઈ મહત્વપૂર્ણ કામ સમયસર પૂર્ણ થઈ શકે છે, તેથી પ્રયાસ કરતા રહો. તમને ફોન દ્વારા કેટલાક સારા સમાચાર પણ મળશે. અન્ય વ્યક્તિની સલાહ અને યોગદાનથી તમારા માટે કોઈ ખાસ નિર્ણય લેવામાં સરળતા રહેશે બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખો. વ્યક્તિના સ્વભાવમાં કંઈક સ્વાર્થી લાવવું મહત્વપૂર્ણ છે.



# રણદીપ હુડા અને લીન લેશરામે ગ્રાન્ડ રિસેપ્શન પાર્ટીનું મુંબઈમાં આયોજન કર્યું

## તમન્ના અને વિજય બ્લેક આઉટફિટમાં ટ્યુનિંગ કરતા જોવા મળ્યા...



મુંબઈઃ રણદીપ હુડ્ડાએ 29 નવેમ્બરે તેની ગર્લફ્રેન્ડ લીન લેશરામ સાથે લગ્ન કર્યા હતા. તેમના લગ્ન મણિપુરના ઈમ્ફાલ શહેરમાં થયા હતા, જેમાં ફક્ત પરિવારના સભ્યો જ હાજર રહ્યા હતા. ગઈકાલે એટલે કે 11મી ડિસેમ્બરે રણદીપ અને લીને મુંબઈમાં તેમના લગ્નની રિસેપ્શન પાર્ટી યોજી હતી. આ પાર્ટી એક્ટર દ્વારા ઈન્ડસ્ટ્રીના ખાસ મિત્રો માટે આયોજીત કરવામાં આવી હતી. ફેમસ કપલ તમન્ના ભાટિયા અને વિજય વર્મા પણ કપલને અભિનંદન આપવા પહોંચ્યા હતા.લીન રણદીપ કરતા 10 વર્ષ નાની છે, તે મણિપુરની જાણીતી મોડલ છે અને બોલીવુડ અભિનેત્રી પણ છે. આ કપલ છેલ્લા 4 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. રણદીપે જણાવ્યું કે તેમની પહેલી મુલાકાત નસીરુદ્દીન શાહના થિયેટર ગ્રુપ 'મોટલી' દરમિયાન થઈ હતી. તે સમયે રણદીપ તેનો સિનિયર હતો.



# પ્રભાસની ફિલ્મ 'સાલાર'ને 'A' સર્ટિફિકેટ અપાયું

## 175 મિનિટની આ ફિલ્મમાં હિંસક દ્રશ્યોનો સમાવેશ

■ ચેન્નઈ



સાઉથના સુપરસ્ટાર પ્રભાસની ફિલ્મ 'સાલાર' 22 ડિસેમ્બરે દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. 2 કલાક 55 મિનિટના રન ટાઈમવાળી આ ફિલ્મને સેન્સર બોર્ડ (CBFC) તરફથી 'A' સર્ટિફિકેટ મળ્યું છે. થિયેટરમાં આ ફિલ્મ જોવા માટે આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા ચાહકો માટે આ ખૂબ જ રોમાંચક છે. ફિલ્મમાં તીવ્ર ફાઈટ સિક્વન્સ હોવાથી બોર્ડે તેને 'એ' સર્ટિફિકેટ આપ્યું છે. ફિલ્મના તાજેતરમાં રિલીઝ થયેલા ટ્રેલરમાં તેની એક્શન સિક્વન્સની ઝલક આપવામાં આવી હતી. ડાયરેક્ટર પ્રશાંત નીલ અગાઉ પણ 'KGF' ફ્રેન્ચાઈઝીમાં જબરદસ્ત એક્શન બતાવી ચૂક્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સલારનું એક્શન પણ નેક્સ્ટ લેવલનું છે. સાલારનું ટ્રેલર, 1 ડિસેમ્બરના રોજ રીલિઝ થયું, 24 કલાકમાં એકંદરે સૌથી વધુ જોવામાં આવતું ટ્રેલર છે. 5 ભાષાઓમાં રિલીઝ થયેલા આ ટ્રેલરને 24 કલાકમાં કુલ 116 મિલિયન વ્યૂઝ મળ્યા છે.

# શ્રુતિ હાસન સાથે જોવા મળશે 'મેજર' ફેમ અદિવી શેષ


## અભિનેતાએ 'બાહુબલી'માં દમદાર પાત્ર ભજવ્યું હતું

■ મુંબઈ



મંગળવારે સાઉથના સુપરસ્ટાર અદિવી શેષ અને શ્રુતિ હાસનની ફિલ્મની જાહેરાત કરવામાં આવી છે. આ એક એક્શન-ડ્રામા ફિલ્મ હશે જે સમગ્ર ભારતમાં રિલીઝ થશે. ફિલ્મનું ટાઈટલ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. આ ફિલ્મના નિર્દેશક શેનીલ દેવ હશે. મેકર્સનું કહેવું છે કે- ફિલ્મની દરેક ફ્રેમ, ડાયલોગ અને સીન હિન્દીની સાથે તેલુગુમાં અલગ-અલગ શૂટ કરવામાં આવી રહ્યા છે. હાલમાં, નિર્માતાઓએ ફિલ્મ સાથે જોડાયેલી વસ્તુઓ છુપાવી રાખી છે, જે સમય આવશે ત્યારે જાહેર થશે. અદિવી શેષે 2022માં આવેલી ફિલ્મ 'મેજર'માં જોરદાર પરફોર્મન્સ આપ્યું હતું. આ ફિલ્મ 26/11ના મુંબઈ હુમલામાં શહીદ થયેલા મેજર સંદીપ ઉન્નીકૃષ્ણનના જીવન પર આધારિત હતી. આમાં અદિવી શેષે સંદીપ ઉન્નીકૃષ્ણનનું પાત્ર ભજવ્યું હતું. આ ફિલ્મે પણ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી હતી. શૂટિંગ દરમિયાન અદિવીએ એમ પણ કહ્યું હતું કે ફિલ્મમાં મેજર સંદીપની ભૂમિકા ભજવતી વખતે તેમના દિલમાં દેશની સેના માટે સન્માન વધી ગયું હતું.

# 2023માં ભારતમાં સૌથી વધુ સર્ચ કરવામાં આવી ફિલ્મ 'જવાન'




મુંબઈઃ શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન' 2023માં સૌથી વધુ સર્ચ કરવામાં આવેલી ભારતીય ફિલ્મ છે. આ ફિલ્મ વૈશ્વિક સ્તરે સૌથી વધુ સર્ચ થયેલી ફિલ્મોમાં 'બાર્બી' અને 'ઓપેનહાઈમર' પછી ત્રીજા સ્થાને છે. આ વૈશ્વિક યાદીમાં વધુ બે ભારતીય ફિલ્મો 'ગદર 2' (8મા નંબરે) અને 'પઠાણ' (10મા નંબરે) પણ સામેલ છે. દેશની વાત કરીએ તો આ વર્ષે 'જવાન'ને ગુગલ પર ફિલ્મોના સંદર્ભમાં સૌથી વધુ સર્ચ કરવામાં આવી છે. આ પછી 'ગદર-2', 'ઓપેનહાઈમર' અને 'આદિપુરુષ' જેવી ફિલ્મોના નામ આવે છે.

**કિયારા અડવાણીને 2023માં સૌથી વધુ સર્ચ કરવામાં આવી હતી:** હવે વાત કરીએ આ વર્ષે સૌથી વધુ સર્ચ થયેલા સેલેબ્સની. આ લિસ્ટમાં બોલિવૂડ એક્ટ્રેસ કિયારા અડવાણી ટોપ પર છે. તેમના સિવાય બોલિવૂડમાંથી કિયારાના પતિ સિદ્ધાર્થ મલ્હોત્રાનું નામ પણ આ લિસ્ટમાં છે. શાહિદ કપૂરનો શો 'ફર્ઝી' સૌથી વધુ સર્ચ થયેલા શોની યાદીમાં ટોપ પર છે. આ સિવાય અસુર ત્રીજા નંબર પર અને બિગ બોસ 17 સાતમા નંબર પર છે. બહુચર્ચિત સિરિઝ 'ગન્સ એન્ડ રોઝ'ને આ યાદીમાં 8મું સ્થાન મળ્યું છે.



# ભૂલભૂલૈયા-થ્રીમાં જૂના પ્રેમીઓ કાર્તિક આર્યન અને સારા અલી ખાનની જોડી

## ■ સારાની પાર્ટીમાં કાર્તિકની હાજરી બાદ બંને વચ્ચે પેચઅપની વાત ચગી

■ મુંબઈ


જૂનાં પ્રેમીઓ સારા અલી ખાન તથા કાર્તિક આર્યન 'ભૂલભૂલૈયા થ્રી'માં ફરી ઓન સ્ક્રીન જોડી જમાવશે. 'ભૂલભૂલૈયા ટૂ'માં કાર્તિક આર્યન સાથે કિયારા અડવાણીની જોડી હતી પરંતુ દેખીતી રીતે જ ત્રીજા ભાગમાંથી કિયારા આઉટ થઈ ગઈ છે અને સારાએ આ પ્રોજેક્ટ મેળવી લીધો છે. જોકે, ફિલ્મના સર્જકો દ્વારા હજુ સુધી આ અગે કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી. કાર્તિક અને સારા અગાઉ 'લવ આજકલ' તથા 'લૂકા છૂપી ટૂ'માં સાથે કામ કરી ચૂક્યાં છે. કાર્તિક અને સારા અગાઉ ડેટિંગ કરતાં હતાં. જોકે, બાદમાં તેમની વચ્ચે બ્રેક અપ થઈ ગયું હતું પરંતુ, થોડા સમય પહેલાં સારાએ યોજેલી પાર્ટીમાં કાર્તિક પણ હાજર રહ્યો હતો. તે પરથી બંને વચ્ચે પેચ અપ થઈ ગયાની વાત ફેલાઈ હતી. જોકે, બીજી તરફ સારા અલી ખાને કરણ જોહરના ચેટ શોમાં પોતાના અને કાર્તિકના સંબંધો વચ્ચે જાહેરમાં વટાણા વેરી દીધા હતા.

### BCCIની ભલામણ પર યાદીમાં નામ ઉમેરાયું

# અર્જુન અવોર્ડની રેસમાં મોહમ્મદ શમીનું નામ, ખેલ રત્ન માટે ચિરાગ-સાત્વિક

■ નવી દિલ્હી

નેશનલ સ્પોર્ટ્સ એવોર્ડ માટે નોમિનેશન્સ બહાર પાડવામાં આવ્યા છે. BCCIએ ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કર્યો છે. 33 વર્ષીય શમીનું નામ નોમિનેશનની શરૂઆતની યાદીમાં નહોતું, તેથી BCCIએ મંત્રાલયને વિનંતી કરી કે તેને દેશના બીજા સૌથી મોટા સ્પોર્ટ્સ એવોર્ડની યાદીમાં સામેલ કરવામાં આવે. આ પછી શમીને અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યો હતો. શમી સિવાય અન્ય 17 ખેલાડીઓને પણ અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. સાત્વિક સાઈરાજ રાંકી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય બેડમિન્ટન જોડીને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા છે.





### શમીએ વર્લ્ડ કપમાં સૌથી વધુ 24 વિકેટ લીધી હતી

ફાસ્ટ બોલર મોહમ્મદ શમીના નામની ભલામણ વર્લ્ડ કપ 2023માં તેના શાનદાર પ્રદર્શનના આધારે કરવામાં આવી છે. તેણે 7 મેચમાં સૌથી વધુ 24 વિકેટ લીધી હતી. વર્લ્ડકપ ફાઈનલમાં હાર બાદ પીએમ મોદી જ્યારે ટીમ ઈન્ડિયાના ડ્રેસિંગ રૂમમાં પહોંચ્યા ત્યારે તેમણે શમીને ગળે લગાવીને તેના પ્રદર્શનના વખાણ પણ કર્યા હતા.

### ચિરાગ-સાત્વિકની જોડીએ આ વર્ષે 3 BWF ટાઈટલ જીત્યા

સાત્વિક-ચિરાગની જોડીએ આ વર્ષે શાનદાર પ્રદર્શન કર્યું છે. આ જોડીએ 3 BWF વર્લ્ડ ટૂર ટાઇટલ જીત્યા છે. આ જોડીએ ઈન્ડોનેશિયા સુપર 1000, કોરિયા સુપર 500 અને સ્વિસ સુપર 300નો ખિતાબ જીત્યો છે. નવેમ્બરના અંતમાં ચાઇના માસ્ટર્સ 750ની ફાઈનલમાં આ જોડીને હારનો સામનો કરવો પડ્યો હતો.

### દ્રોણાચાર્ય અવોર્ડ માટે 5 કોચ નોમિનેટ કરવામાં આવ્યા

કોચિંગમાં સૌથી મોટા અવોર્ડ માટે 5 લોકોને નોમિનેટ કરવામાં આવ્યા છે. જેમાં ગણેશ પ્રભાકરન (મલ્લખંભ), મહાવીર સૈની (પેરા એથ્લેટિક્સ), લલિત કુમાર (કુસ્તી), આરબી રમેશ (ચેસ) અને શિવેન્દ્ર સિંહ (હોકી)નો સમાવેશ થાય છે.

## સૂર્યકુમાર યાદવે વિરાટ કોહલીની બરાબરી કરી



### T20માં સૌથી ઝડપી 2 હજાર રન કરનાર બીજો ભારતીય બન્યો

નવી દિલ્હી: ભારતીય ટીમ હાલ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે, સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળ યુવા ભારતીય ટીમની પ્રથમ T20I મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. જ્યારે બીજી T20I મેચ પોર્ટ એલિઝાબેથમાં રમાઈ હતી. પ્રથમ બેટિંગ કરતા સૂર્યકુમાર યાદવ ભારત તરફથી T20Iમાં સૌથી ઝડપી 2,000 રન પૂરા કરનાર બીજો ભારતીય ખેલાડી બની ગયો છે. આ ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર ચોથો ભારતીય બેટ્સમેન બની ગયો છે.

**બાબર આઝમ આ લીસ્ટમાં ટોપ પર:** સૂર્યા પહેલા વિરાટ કોહલીએ T20માં ભારત માટે સૌથી ઝડપી 2000 રન પૂરા કર્યા હતા. જ્યારે T20Iમાં સૌથી ઝડપી 2000 રન બનાવનાર બેટ્સમેનની લીસ્ટમાં પાકિસ્તાનનો પૂર્વ કેપ્ટન બાબર આઝમ ટોપ પર છે. બાબરે T20Iમાં 52 ઈનિંગ્સમાં સૌથી ઝડપી 2000 રન પૂરા કર્યા હતા

**સૂર્યાએ કેએલ રાહુલને પાછળ છોડી દીધો:** આ લીસ્ટમાં વિરાટ કોહલી અને સૂર્યકુમાર યાદવ સંયુક્ત રીતે બીજા અને કે.એલ રાહુલ ત્રીજા નંબરે છે. સૂર્યાએ કેએલ રાહુલને પાછળ છોડી દીધો છે. સૂર્યાએ 56 ઈનિંગ્સમાં 2000 T20I રન પૂરા કર્યા છે, જ્યારે કે.એલ રાહુલે 58 ઈનિંગ્સમાં આ આંકડો સ્પર્શ કર્યો હતો. જ્યારે વિરાટ કોહલીએ T20Iમાં 56 ઈનિંગ્સ રમીને 2000 રન પૂરા કર્યા હતા.

# ચેતેશ્વર પૂજારા કાઉન્ટીમાં સસેક્સ તરફથી રમવા ઉતરશે

### સસેક્સ માટે તેની ત્રીજી સિઝનમાં જોવા મળશે

■ ચેન્નાઈ



ચેતેશ્વર પૂજારા 2024 કાઉન્ટી સિઝનમાં સસેક્સ ટીમ તરફથી રમશે. તેણે કાઉન્ટીની પ્રથમ 7 મેચ માટે સસેક્સ સાથે કરાર કર્યો છે. સસેક્સે ઓસ્ટ્રેલિયાના બેટર ડેનિયલ હ્યુજીસને પણ બીજા વિદેશી ખેલાડી તરીકે ટીમમાં સામેલ કર્યો છે. કાઉન્ટીમાં સસેક્સ માટે પૂજારાની આ ત્રીજી સિઝન છે. પૂજારાએ અત્યાર સુધીમાં સસેક્સ માટે 18 ચેમ્પિયનશિપ મેચ રમી છે, જેમાં તેણે 64.24ની એવરેજથી 1,863 રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે આઠ સદી અને ત્રણ અડધી સદી પણ ફટકારી છે. કાઉન્ટીમાં તેનો સર્વોચ્ચ સ્કોર 2022માં ડર્બીશાયર સામે 231 રન હતો. તેણે ટોમ હેન્સ સાથે 351 રનની ભાગીદારી નોંધાવી હતી. 2023માં સસેક્સ માટે પૂજારાનો સર્વોચ્ચ સ્કોર 151 રન હતો. તેણે ગ્લુસેસ્ટરશાયર સામે આ ઈનિંગ રમી જેમાં 20 ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. પૂજારાએ એક નિવેદનમાં કહ્યું હતું કે, 'ગયા સિઝનમાં હોવમાં સારો સમય પસાર કર્યો હતો. સસેક્સ ફેમિલી સાથે ફરી એકવાર જોડાવું ખૂબ જ સારું લાગે છે.

# લિએંડર પેસને આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સ્થાન આપવામાં આવ્યું

### આ વિશેષ સન્માન મેળવનાર પ્રથમ એશિયન ખેલાડી

■ નવી દિલ્હી



ટેનિસ જગતના પૂર્વ નંબર-1 ખેલાડી લિએંડર પેસ અને ભારતીય પ્રસારણકર્તા અને પ્રમોટર વિજય અમૃતરાજ આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ થનાર પ્રથમ એશિયન પુરૂષ બન્યા છે. આ બંને ઉપરાંત જાણીતા પત્રકાર અને લેખક રિચર્ડ ઈવાંસને પણ ટેનિસના આ વિશેષ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. મેન્સ ડબલ્સ અને મિક્સ ડબલ્સમાં 18 ગ્રાંડ સ્લેમ જીતનાર પેસને ખેલાડીઓના વર્ગમાં જ્યારે અમૃતરાજ અને ઈવાંસને ટેનિસમાં યોગદાન આપનારાઓની કેટેગરીમાં પસંદ કરવામાં આવ્યા છે. જેમાં 8 ડબલ્સ અને 10 મિક્સ ડબલ્સ ખિતાબ સામેલ છે. આ બંને કેટેગરીમાં કરિયરના ગ્રાન્ડ સ્લેમ પૂરા કરનાર ત્રણ ખેલાડીઓમાં લિએંડર સામેલ છે. ટેનિસમાં સૌથી વધુ મિક્સ ડબલ્સ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતવાનો રેકોર્ડ સંયુક્ત રીતે પેસ અને તેની પૂર્વ પાર્ટનર માર્ટિના નવરાતિલોવાના નામે છે.

### હોલ ઓફ ફેમમાં સ્થાન મેળવનાર ભારત 48મો દેશ બન્યો

ટેનિસ સાથે જોડાયેલા આ ત્રણેય દિગ્ગજોને શનિવારે ન્યુપોર્ટમાં આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવશે. અત્યાર સુધી 27 દેશના 264 લોકોને ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે. હવે ભારત હોલ ઓફ ફેમમાં સામેલ થનાર 28મો દેશ બની જશે. લિએંડર પેસે આ અંગે કહ્યું, 'મારા જીવનનું સૌથી મોટું સન્માન એ રમતમાં ત્રણ દાયકા સુધી મારા દેશનું પ્રતિનિધિત્વ કરવું છે જેણે મને બધું આપ્યું અને શીખવ્યું છે. આ સન્માન દરેક ટેનિસ ખેલાડીના યોગદાનને માન્યતા આપવા માટે છે. આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ થવું એ માત્ર મારા માટે જ નહીં પરંતુ કરોડો ભારતીયો માટે પણ સન્માનની વાત છે.' પેસે 30 વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેણે ડેવિસ કપમાં રેકોર્ડ 45 મેચ જીતી છે.

# BCCI IPL 2024-28ના ટાઇટલ સ્પોન્સર રાઇટ્સનું ઓક્શન કરશે

### ટેન્ડર બહાર પાડ્યું, ટાટા પાસે છેલ્લી 2 સિઝનના રાઈટ્સ હતા

■ નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ IPLના ટાઈટલ સ્પોન્સર રાઈટ્સ વેચવા માટે ટેન્ડરો આમંત્રિત કર્યા છે. બોર્ડ આગામી પાંચ સીઝન એટલે કે 2024થી 2028 સુધીના સ્પોન્સર અધિકારોની હરાજી કરશે. હાલમાં, IPLના ટાઈટલ સ્પોન્સર ટાટા છે, જેમણે BCCI સાથે બે વર્ષની ડીલ માટે રૂ. 600 કરોડમાં રાઈટ્સ ખરીદ્યા હતા. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર, સ્પોન્સર રાઈટ્સ ખરીદવા ઈચ્છતી કંપનીઓએ ટેન્ડર દસ્તાવેજો ખરીદવા પડશે. આ દસ્તાવેજ માટે કંપનીઓએ 5 લાખ રૂપિયાની નોન-રીફંડેબલ રકમ ચૂકવવી પડશે. દસ્તાવેજ ખરીદવાની છેલ્લી તારીખ 8 જાન્યુઆરી, 2024 છે. દસ્તાવેજ ખરીદ્યા પછી, કંપનીઓએ ipltitlesponsor2023.itt@bcci.tv પર ચુકવણીની વિગતો મોકલવાની રહેશે. બોર્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે ટેન્ડર દસ્તાવેજ ખરીદવાનો અર્થ એ નથી કે બિડિંગમાં સહભાગિતાને તેના આધારે જ મંજૂરી આપવામાં આવશે.

### ટાઈટલ સ્પોન્સરશીપ સાથે નામ જોડવામાં કરોડો રૂપિયા ખર્ચાયા




હાલમાં IPLના ટાઈટલ સ્પોન્સર ટાટા છે. એટલે કે IPLને માત્ર IPL કહેવામાં આવતું નથી, તેને TATA IPL કહેવામાં આવે છે. લીગ પહેલા બ્રાન્ડનું નામ. જેમ કે DLFને 2008માં IPL કહેવામાં આવતું હતું. આને ટાઈટલ સ્પોન્સરશિપ કહેવામાં આવે છે, જેના માટે કંપનીઓ બિડ કરે છે અને સોદો મેળવે છે. વર્ષ 2008માં, ટાઈટલ સ્પોન્સરશિપ માટે વાર્ષિક 50 કરોડ આપવામાં આવ્યા હતા, જ્યારે 2023માં આ આંકડો વાર્ષિક 300 કરોડથી વધુ છે. ટાટા અને BCCI વચ્ચે બે વર્ષનો સોદો થયો હતો, જેના માટે ટાટાએ કુલ 600 કરોડ ચૂકવ્યા હતા.

**ખેલાડીઓનું ઓક્શન 19 ડિસેમ્બરે થશે** | IPL 2024 સીઝનનું ઓક્શન 19 ડિસેમ્બરે દુબઈમાં બપોરે 2.30 વાગ્યાથી થશે. BCCIએ સોમવારે 333 ખેલાડીઓના નામ શેર કર્યા છે. 10 ટીમ વચ્ચે 77 સ્લોટ ખાલી છે, એટલે કે 333માંથી 77 ખેલાડીઓનું ઓક્શન થશે, જેમાંથી 30 વિદેશી હશે.

### વડાપ્રધાન મોદીએ નવનિયુક્ત મુખ્યમંત્રીની પીઠ થપથપાવી

# ભજનલાલે પોતાના જ જન્મદિવસે રાજસ્થાનમાં CM પદના શપથ લીધા

## દિયા કુમારી-પ્રેમચંદ બૈરવાએ ડેપ્યુટી CMના શપથ લીધા

■ જયપુર

ભજનલાલ શર્માએ રાજસ્થાનના 14મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. તેમની સાથે બે ડેપ્યુટી સીએમ દિયા કુમારી અને ડો. પ્રેમચંદ બૈરવાએ પણ શપથ લીધા હતા. રાજ્યપાલ કલરાજ મિશ્રાએ ત્રણેયને શપથ લેવડાવ્યા હતા. હવે કેન્દ્રીય નેતૃત્વ તરફથી લીલી ઝંડી મળ્યા બાદ ભજનલાલના મંત્રીમંડળના સભ્યોની નિમણૂક કરવામાં આવશે, ત્યારબાદ દરેકને વિભાગોની વહેંચણી કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ સહીત અનેક રાજ્યના CM શપથ સમારોહમાં હાજર રહ્યા હતા. શપથ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ હાજર રહ્યા હતા. સ્થળ પર ત્રણ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં એક સ્ટેજ પર દેશ-વિદેશના સાધુ-સંતો બેઠા હતા, જ્યારે બીજા સ્ટેજ પર તમામ રાજકીય આગેવાનો બેઠા હતા. શપથ માટે ત્રીજો સ્ટેજ બનાવવામાં આવ્યો હતો, જેના પર વડાપ્રધાન મોદી, રાજ્યપાલ અને શપથ લેનાર ત્રણેય નેતાઓ બેઠા હતા.

## પૂર્વ CM અશોક ગેહલોત પણ શપથ સમારોહમાં હાજર રહ્યા

પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ પથ સમારોહમાં હાજર રહ્યા હતા. ગેહલોત સાથે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને વસુંધરા રાજે બેઠા હતા. ત્રણેય હસી- મજાક કરતા જોવા મળ્યા હતા. બે દિવસ પહેલા જ ગજેન્દ્ર સિંહની અરજી પર ગેહલોત સામેના માનહાનિનો કેસનો ચુકાદો આવ્યો હતો.








**ભવ્ય શપથ સમારોહ યોજાયો** | જયપુરના અલ્બર્ટ હોલ (રામ નિવાસ બાગ)ની બહાર આયોજિત શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. આ સમારોહ લગભગ 19 મિનિટ સુધી ચાલ્યો. આ કાર્યક્રમ બપોરે 12.59થી 1.18 સુધી ચાલ્યો. પીએમ નરેન્દ્ર મોદી બપોરે 1 વાગ્યે સ્થળ પર પહોંચ્યા હતા. બપોરે 1.04 કલાકે ભજનલાલ શર્મા મુખ્યમંત્રીપદના શપથ લીધા હતા. 16 કેન્દ્રીય મંત્રીઓ અને વિવિધ રાજ્યોના 17 સીએમ અને ડેપ્યુટી સીએમ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# હવે વગર વિઝાએ કેન્યાના મસાઈમારામાં જઈ શકાશે

## આફ્રિકી દેશોમાં વિઝા ફ્રી મુસાફરી કરવી સરળ

■ કેન્યા

રાષ્ટ્રપતિ વિલિયમ રુટોએ રાજધાની નૈરોબીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન એક જાહેરાત કરી. પ્રવાસનને વેગ આપવા માટે કેન્યા જતા વિદેશી મુલાકાતીઓને જાન્યુઆરી 2024 થી વિઝાની જરૂર રહેશે નહીં. આવતા વર્ષથી, કેન્યાએ વિઝા માટે અરજી કરવાની જરૂરિયાત નાબૂદ કરી છે. હવે પ્રવાસીઓ અહીં મસાઈ મારામાં જંગલ સફારી તેમજ નકુરુ તળાવમાં બર્ડ વોચીંગ વિઝા વગર કરી શકશે. આ નવા પગલાથી આફ્રિકન દેશોમાં પ્રવાસીઓની મુસાફરી હવે પહેલા કરતા વધુ સરળ બની જશે.રુટોએ જણાવ્યું હતું કે સરકારે વિઝા-મુક્ત નીતિનો અમલ થાય તે સુનિશ્ચિત કરવા માટે એક પગલું ભર્યું છે. જેના માટે ડિજિટલ પ્લેટફોર્મ અપનાવવામાં આવ્યું છે. તેમજ વિદેશી નાગરિકોને ઈલેક્ટ્રોનિક મુસાફરી અધિકૃતતા આપવામાં આવશે.



## NEWS FILE

### યુક્રેન યુરોપિયન યુનિયનના સભ્ય બનવાની નજીક પહોંચ્યું



જીનિવા: યુરોપિયન યુનિયન (EU) નેતાઓ યુક્રેન માટે સભ્યપદ પ્રક્રિયા શરૂ કરવા માટે સંમત થયા છે. ગુરુવારે મોડી રાત્રે, 27 EU સભ્ય દેશોની સમિટ યોજાઈ હતી, જેમાં યુક્રેન અને મોલ્ડોવાને સભ્ય બનાવવાની પ્રક્રિયા શરૂ કરવા પર સહમતિ થઈ હતી. 27માંથી 26 દેશોએ યુક્રેનને સભ્ય બનાવવાના પક્ષમાં મતદાન કર્યું હતું. માત્ર હંગેરીએ તેનો વિરોધ કર્યો. હંગેરીના વિરોધ બાદ EU દ્વારા યુક્રેનને આપવામાં આવનાર 4.58 લાખ કરોડ રૂપિયાના સહાય પેકેજ પર કોઈ સમજૂતી થઈ શકી નથી. તે જ સમયે, યુક્રેનને EU ના સભ્ય બન્યા પછી આર્થિક રીતે ફાયદો થઈ શકે છે.

### મહાદેવ સટ્ટાબાજી એપના માલિક રવિ ઉપ્પલની ધરપકડ

રાયપુર: મહાદેવ ઓનલાઈન બેટિંગ એપના કો-ફાઉન્ડર રવિ ઉપ્પલની સંયુક્ત આરબ અમીરાત (UAE)માં ધરપકડ કરવામાં આવી છે. રવિ ભારતમાં વોન્ટેડ છે. ભારતીય એજન્સીઓ UAE સત્તાવાળાઓના સંપર્કમાં છે. રવિને ટૂંક સમયમાં જ ભારત લાવવામાં આવી શકે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના આદેશ પર, ઈન્ટરપોલ પહેલાંથી જ રવિ ઉપ્પલ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરી ચૂકી છે. માનવામાં આવી રહ્યું છે કે આ પછી ટૂંક સમયમાં સૌરભ ચંદ્રાકરની પણ ધરપકડ થઈ શકે છે. પોલીસને તેના લોકેશન વિશે માહિતી મળી છે.

### મથુરા ઈદગાહ સર્વે રોકવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો



મથુરા: સુપ્રીમ કોર્ટે મથુરામાં શ્રીકૃષ્ણના જન્મસ્થળ-શાહી ઈદગાહના કમિશનરના સર્વે પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. શુક્રવારે સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષની અરજીને ફગાવી દીધી અને કહ્યું હતું કે જો સર્વેમાં કોઈ સમસ્યા હોય તો યોગ્ય પદ્ધતિ અપનાવો. આ પછી સુનાવણી પર વિચાર કરવામાં આવશે. અલાહાબાદ હાઈકોર્ટે ગુરુવારે વિવાદાસ્પદ સ્થળના કમિશનરને સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. શાહી ઈદગાહ મસ્જિદ અને સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડે આ આદેશને વર્ચ્યુઅલ રીતે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો, જેમાં કમિશનર સર્વે અને હાઈકોર્ટની કાર્યવાહી અટકાવવા માગ કરાઈ હતી.

# કોરોનાની ફરી મોટી લહેરનો ડર!

## « આ દેશની સરકાર એલર્ટ, માસ્ક સહિતના કડક નિયમો લાગુ કર્યા, કોરોનાથી બધા અલર્ટ થયા

### ચીનથી નીકળેલા વાયરસે દુનિયામાં મચાવ્યો હતો કેર

■ નવી દિલ્લી

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોનાના દક્ષિણપૂર્વ એશિયામાં કેસ ફરી વધતા ચિંતા વધારી છે. દક્ષિણ એશિયાની સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે અને સરકારોએ માસ્ક સહિતના નિયમોને કડક બનાવવાનું શરુ કર્યું છે. દક્ષિણપૂર્વ એશિયાના દેશોના લોકો ફરી એકવાર કોરોનાના ભયથી પરેશાન થઈ રહ્યા છે. સમગ્ર વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો હતો અને તેને કારણે લાખો લોકોએ જીવ ગુમાવ્યો હતો તેમજ વિશ્વભરમાં લોકડાઉન લગાવવામાં આવ્યું હતું ત્યારે હવે કોરોનાના નવા વેરિએન્ટથી ઝડપથી દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો હોવાથી ચિંતામાં વધારો થયો છે. આ કરાણે સરકારે સાવચેતીના ભાગરુપે અત્યારથી જે તેને નિયંત્રિત કરવામાં માટે જરુરી નિયમોને કડક કરવાનું શરુ કર્યું છે. સરકારે લોકોને એરપોર્ટ પર માસ્ક પહેરવાની અપીલ કરી છે જ્યારે તાવ તપાસવા માટે થર્મલ સ્કેનર ફરીથી શરુ કરવામાં આવશે.

### સિંગાપોરના સ્વાસ્થ્ય મંત્રાલયે પણ ચિંતા વ્યક્ત કરી હતી



આ ઉપરાંત સરકાર ઘણા પ્રકારના જંતુઓ જેવા કે કોવિડ વેરિએન્ટ, ફ્લૂ, ન્યુમોનિયા અને અન્ય શ્વાસન રોગોનો ફેલાવાને ઓછો કરવાનું લક્ષય રાખી રહી છે. સિંગાપોરના સ્વાસ્થ્ય મંત્રાલયે પણ ચિંતા વ્યક્ત કરી હતી અને કેસોમાં વધારો થવાનું કારણ જણાવતા કહ્યું હતું કે કેસોમાં વધારો થવાના ઘણા પરિબળો હોય શકે છે જેમાં લોકોની રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો તેમજ તહેવારોની સીઝન દરમિયાન યાત્રા અને લોકોનો સંપર્કમાં વધારો સામેલ છે. સિંગાપોરની સરકારી વેબસાઈટએ જણાવ્યું હતું કે BA.2.86ના વેરિએન્ટ JN.1થી સંક્રમિત કેસો હાલમાં સિંગાપોરમાં 60 ટકાથી વધુ COVID-19 કેસ માટે જવાબદાર છે. MOHએ જણાવ્યું હતું કે હાલમાં વૈશ્વિક અથવા સ્થાનિક સ્તરે એવા કોઈ સંકેત નથી કે BA.2.86 અથવા JN.1 અન્ય કોવિડ પ્રકારો કરતાં વધુ ચેપી છે અથવા વધુ ગંભીર રોગનું કારણ બને છે.